સુવર્ણ જયંતિ પર્વે આદ્ય મંદિર ઘનશ્યામનગરનો
જય હો જયજયકાર હો...





લવાજમ વાર્ષિક : ૧૦૦/-

# ઘનશ્યામ

૧૦ નવેમ્બર, ૨૦૨૪ ● વર્ષ : ૪૯ ● અંક : ૧૧


શ્રીજી બાપા
શ્રી સ્વામિનારાયણ મંદિર
ઘનશ્યામનગર, અમદાવાદ. સંવત-૨૦૩૦
ચૈત્ર વદ ૬
શ્રી સ્વામિનારાયણ
મંદિર ઘનશ્યામનગર






# ઘનશ્યામ

**૧૦ નવેમ્બર, ૨૦૨૪ ● વર્ષ : ૪૯ ● અંક : ૧૧**

SMVS

# GHANSHYAM

**10 November, 2024 • Year : 49 • Edition : 11**

પ્રકાશક : સાધુ ભક્તવત્સલદાસ
મુદ્રક : સાધુ પૂર્ણસ્વરૂપદાસ
માલિક : સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થા (SMVS)
મુદ્રણ : વાઈબ્રન્ટ ઈમેજ, અમદાવાદ
તંત્રી : નરેન્દ્રભાઈ આર. ત્રિવેદી
સહતંત્રી : સાધુ રાજીપાસ્વરૂપદાસ
સંપાદક : સાધુ નિર્ગુણજીવનદાસ
લેખનકાર્ય : લેખકવૃંદ
આદ્ય સ્થાપક : શુદ્ધ ઉપાસના પ્રવર્તક અ.મુ. સદ્. શ્રી દેવનંદનદાસજી સ્વામીશ્રી (ગુરુદેવ પ.પૂ. બાપજી)
પ્રેરક : પ.પૂ. અ.મુ. સદ્. શ્રી સત્યસંકલ્પદાસજી સ્વામીશ્રી (ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી)

સને ૧૯૭૬, જાન્યુઆરી માસથી પ્રારંભ પામેલ આ 'ઘનશ્યામ' સામયિક એ કારણ સત્સંગના જ્ઞાન, ઉપાસના અને સિદ્ધાંતોની પુષ્ટિ કરતું એસ.એમ.વી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનું રજિસ્ટર્ડ મુખપત્ર છે જે દર માસની દસમી તારીખે પ્રકાશિત થાય છે.



**પત્રવ્યવહાર માટેનું સરનામું :**

ઘનશ્યામ કાર્યાલય, સ્વામિનારાયણ ધામ, કોબા-ગાંધીનગર હાઈવે, ગાંધીનગર-૭ Visit : www.smvs.org I Email : magazine@in.smvs.org



કુલ પેજ : ૪૨ + ૬ ટાઈટલ = ૪૮


**'GTPL-ભક્તિ' ચેનલ નં - ૫૫૧ ઉપર દરરોજ સવારે અને રાત્રે ૮:૩૦થી ૯:૦૦ તથા દર એકાદશી તેમજ પૂનમના સમૈયામાં રાત્રે ૮:૩૦થી ૧૦:૩૦ ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીની દિવ્યવાણીનો લાભ મળશે.**








05 દિવ્યવાણી

08 ઘનશ્યામનગર દશાબ્દી મહોત્સવની સ્મૃતિઓ...

27 ઘનશ્યામનગર સુવર્ણ જયંતી મહોત્સવ



# દિવ્યવાણી

**તા. ૧૮-૯-૨૦૨૪ની ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીની દિવ્યવાણીમાંથી સંકલિત**

**વૃત્તિનું કામ તો એવું છે જે મંદિરમાં બેઠા હોઈએ કે સભામાં તોપણ જગતસંબંધી વિચાર કરાવે. એટલે જ મહારાજે ગઢડા પ્રથમના પહેલા વચનામૃતમાં કહ્યું છે, "ભગવાનના સ્વરૂપમાં મનની અખંડ વૃત્તિ રાખવી તેથી કોઈ સાધન કઠણ નથી." મન તો માંકડા જેવું છે. જો માંકડાને છૂટું મૂકીએ તો ગામ ગાંડું કરે. માટે મનને તો ભગવદ્સ્વરૂપ વાર્તા (કથાવાર્તા) કે ક્રિયામાં (સેવામાં) જોડી રાખવું. આધ્યાત્મિક માર્ગે આગળ વધતા જીવાત્મા માટે વૃત્તિ કેવા અવરોધ ઊભા કરે છે અને તેને ટાળવાના ઉપાયો વિષે વ્હાલા ગુરુજીએ પૂનમની સભામાં લાભ આપ્યો હતો તેને વાગોળીએ.**

**ગઢડા પ્રથમનું ૩૪મું વચનામૃત :** "પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, કીર્તન રાખીને પ્રશ્ન-ઉત્તર કરો. પછી બ્રહ્માનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, સર્વ સુખના ધામ ને સર્વ થકી પર એવા પરમેશ્વર છે તેમાં જીવની વૃત્તિ ચોંટતી નથી, ને માયિક એવા જે નાશવંત તુચ્છ પદાર્થ તેમાં જીવની વૃત્તિ ચોંટી જાય છે તેનું શું કારણ છે ?" આવો જ પ્રશ્ન સદ્. બ્રહ્માનંદ સ્વામીએ પ્રથમના ૪૯મા વચનામૃતમાં પણ પૂછ્યો છે : "ભગવાનને વિષે વૃત્તિ રાખીએ છીએ તે તો સૂધી જોરે કરીને રાખીએ છીએ ત્યારે રહે છે અને જગતના પદાર્થ સન્મુખ તો એની મેળે જ રહે છે તેનું શું કારણ છે ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, ભગવાનના ભક્ત હોય તેની વૃત્તિ તો ભગવાન વિના બીજે રહે જ નહીં."

અહીં આ બંને વચનામૃતમાં સદ્. બ્રહ્માનંદ સ્વામીએ મહારાજને વૃત્તિ વિષેના પ્રશ્નો પૂછ્યા છે. મોટાપુરુષના પ્રશ્નો આપણા માટે જ હોય. મોટા તો મહારાજની મૂર્તિમાં અખંડ રહ્યા

છે. એમને આ પ્રશ્નોની જરૂર ન હતી પરંતુ આપણા માટે થઈને મોટાપુરુષ પોતાનું લેવલ નીચું લાવીને, ભરી સભામાં પ્રશ્ન પૂછીને, આપણા માટે મહારાજ સમક્ષ સમાધાન માગી રહ્યા છે. આપણને તો આવો પ્રશ્ન પણ ન થાય અને પ્રશ્ન થાય તો પૂછતા ન આવડે. કેમ જે 'ભરી સભામાં હું પ્રશ્ન પૂછું તો લોકો મારા માટે શું વિચારશે ?' એ વિચારે કરી પૂછવાની હિંમત પણ ન કરીએ. જ્યારે મોટાપુરુષ અનંત મુમુક્ષુઓ માટે પોતાનું લેવલ નીચું કરી મહારાજને પ્રશ્ન પૂછી રાજીપાનો માર્ગ કઢાવી આપે. માટે જ્યારે જ્યારે વાંચન કરવા કે શ્રવણ કરવા બેસીએ ત્યારે મહારાજ મારા માટે જ આ વાત કહી રહ્યા છે એમ સમજી તે પ્રમાણેનું જીવન બનાવવા કટિબદ્ધ બનવું.

આ બંને વચનામૃત દ્વારા શ્રીજીમહારાજ આપણને સમજાવી રહ્યા છે : 'જે ભગવાનનો ભક્ત હોય તેની વૃત્તિ તો ભગવાન વિના બીજે રહે જ નહીં.' આનો અર્થ એ કે જો આપણી વૃત્તિ ભગવાન વિના કહેતાં મહારાજ વિના બીજે રહેતી હોય તો આપણે ભગવાનના ભક્ત નથી. ડૉક્ટરને દવાખાને જવાનું મન ન થાય તો એને ડૉક્ટર કહેવાય ? વિદ્યાર્થીને સ્કૂલે જવાની ઇચ્છા ન થાય તો તેને વિદ્યાર્થી કહેવાય ? નોકરી કરનાર વ્યક્તિને નોકરી પર જવાની ઇચ્છા ન થાય તો એને નોકરિયાત કહેવાય ? ન કહેવાય. પૂર્ણ પુરુષોત્તમ ભગવાન સ્વામિનારાયણ, આવો યોગ અને આવા દિવ્યપુરુષ પામ્યા પછી પણ આપણી વૃત્તિ ભગવાન વિના બીજે રહેતી હોય તો આપણે પણ ભગવાનના ભક્ત નથી એમ સમજવું.

મહારાજ કહે છે, "જો એક વખત કૂતરાનો મળ જોઈ ગયા હોઈએ તો એમાંય વૃત્તિ ખેંચાતી હોય." કહેતાં જેની સાથે આપણે કંઈ લેવા-દેવા ન હોય એવા તુચ્છ પદાર્થમાં પણ વૃત્તિ ખેંચાય છે. આપણી વૃત્તિ તો હંમેશાં ડહોળાયેલી જ હોય છે. ખરેખર ધ્યાન-ભજન કે માળાના સમયે તો વૃત્તિ સ્થિર થવી જોઈએ અને વૃત્તિઓને સ્થિર કરવા માટે જ સાધનો આપ્યાં છે. પરંતુ જ્યારે આપણે ધ્યાન-ભજન કે માળા કરીએ ત્યારે પણ વૃત્તિ જ્યાં ત્યાં ભટકતી હોય છે. પૂજા કરવા બેઠા હોઈએ પૂજા ક્રમશઃ થતી રહેતી હોય ને તેમાં ઘણી વખત પૂજાના અંતે વિચાર આવે કે મેં તપની માળા કે પ્રદક્ષિણા કરી કે નહીં ? દંડવત્ રહી ગયા કે શું ? વળી, આખી પૂજા પૂરી થઈ જાય તોપણ ચાંદલો તો બાકી જ હોય. આનું કારણ આપણી વૃત્તિ બીજે જ દોડતી હોય છે. સાધનો માત્ર કરવા પૂરતાં થતાં હોય અને વૃત્તિ બીજે ભમતી હોય.

બહુધા આપણને ઘાટ-સંકલ્પ થતા હોય કે વૃત્તિ બીજે દોડતી હોય તેની સૂઝ પણ નથી હોતી. એક વાર મહારાજે સભામાં સદ્. મુક્તાનંદ સ્વામીને પૂછ્યું, "સ્વામી, તમને ધ્યાન-ભજનમાં ઘાટ-સંકલ્પ થાય છે ?" એ સમે સ્વામી ધૂડ્ય પર બેઠા હતા. હાથમાં ધૂડ્યની ઢગલી ભરીને તેઓએ કહ્યું, "મહારાજ, મને તો આ ધૂડ્ય સરકી રહી છે તેની પેઠે ઘાટ-સંકલ્પ થાય છે." આ જ પ્રશ્ન મહારાજે સભામાં બેઠેલા એક હરિભક્તને પૂછ્યો, "તમને ધ્યાન-ભજનમાં ઘાટ-સંકલ્પ થાય છે ?" ત્યારે હરિભક્તે કહ્યું, "અરે, મહારાજ ! ઓરો તો આવે ! બૂથું તોડી નાખું." મહારાજે હરિભક્ત સામું જોઈને કહ્યું, "તમે જે બોલ્યા તે સ્વામી માટે હતું અને સ્વામી આપ જે બોલ્યા તે આમના માટે હતું." આપણું કામ પણ આ હરિભક્ત જેવું છે. કરવા બેસીએ ધ્યાન, કરવા બેસીએ માળા અને વૃત્તિઓ ચોંટે બીજે છતાં એનો ખ્યાલ પણ ના આવે. શું આ યોગ્ય છે ? શું વૃત્તિઓ ડહોળાય એવું થવા દેવું છે ? ના. તો હવે અહીં બે પ્રશ્ન છે : (૧) ભગવાનમાં વૃત્તિ ચોંટતી નથી તેનું કારણ શું ? અને (૨) ભગવાનમાં વૃત્તિ ચોંટે તે માટેનો ઉપાય શું ? સૌ પહેલાં તેનું કારણ જાણીએ અને પછી તેના ઉપાય જાણીએ.

ભગવાનમાં વૃત્તિ ચોંટતી નથી તેનું કારણ વૃત્તિઓ બીજે ભમી રહી છે. વૃત્તિઓ બીજે ભમવાનું કારણ આપણે એકાગ્ર નથી. સૌથી પહેલાં વૃત્તિઓને એકાગ્ર કરવાની પ્રૅક્ટિસ કરો. આપણને દિવસ દરમ્યાન નિમગ્ન થવાની આજ્ઞા આ માટે જ કરી છે. દિવસ દરમ્યાન વૃત્તિઓનો સંકેલો કરીને સમયાંતરે મહારાજમાં જોડી દેવાની ટેવ પાડો. વૃત્તિઓ એકાગ્ર કરીને જ પૂજા કરો. વૃત્તિ એકાગ્ર થાય પછી જ માળા કરો. પછી જ ધ્યાન કરો. ત્યારબાદ મારી માળા કેવી થઈ ? મારું ધ્યાન કેવું થયું ? તેને તપાસવું. સાધન હેતુસભર કરવા માટે આ સ્ટેપ ખૂબ જરૂરી છે.

ભગવાનમાં વૃત્તિ ચોંટતી નથી તેનું બીજું કારણ એટલે મોબાઇલ. ઠાકોરજીનાં દર્શન કરવા ગયા હોઈએ તોપણ વૃત્તિ તો મોબાઇલમાં જ હોય. ઘણી વાર તો ઠાકોરજીની પ્રદક્ષિણા કરતાં કરતાં પણ વાતો ચાલુ હોય. સભામાં બેઠા હોઈએ ને ઘરે આવ્યા બાદ સભામાં શું આવ્યું તે કોઈ પૂછે તો ખ્યાલ જ ન હોય. કેમ જે ગયા હોઈએ સભામાં ને વૃત્તિ હોય મોબાઇલમાં.

"ચિત્ત કી વૃત્તિ એક હૈ, સૂઝે વહાં લગાવ;
કાં તો હરિ કી ભક્તિ કરો, કાં તો વિષય કમાવ."

મોદી સાહેબે મળવા માટે ૧૦ મિનિટનો સમય આપ્યો હોય અને એ દરમ્યાન એમની સામે ફોન કે મૅસેજ દ્વારા વાતચીત કરીએ તે શોભે ? ન શોભે. તો આ તો પૂર્ણ પુરુષોત્તમ ભગવાન સ્વામિનારાયણની સભા છે. અહીં મહારાજ પ્રગટ બિરાજમાન છે. આપણે મહારાજને મળવા આવ્યા હોઈએ અને મોબાઇલનો ઉપયોગ કરીએ તે યોગ્ય છે ? ના. મહારાજની

સાથે સંબંધ કેળવવામાં વૃત્તિઓ એકાગ્ર કરવી પડે. વૃત્તિઓ એકાગ્ર કરવા માટે મોબાઇલ ત્યાગવો પડે. તો જ સાધન કર્યાનું કાંઈક ફળ મળે. કથાવાર્તા દરમ્યાન સ્વયં શ્રીજીમહારાજ મારા માટે જ આ વાત કરી રહ્યા છે એમ સમજીને મોબાઇલ સાઇલન્ટ કે સ્વીચ ઑફ કરી દેવો. સભા દરમ્યાન રાખવામાં આવતી આ અદબ મહારાજની મર્યાદામાં રહ્યાનું ફલિત કરે છે.

અહીં આપણે ભગવાનમાં વૃત્તિ ચોંટતી નથી તેનાં કારણ જાણ્યાં. હવે ભગવાનમાં વૃત્તિ ચોંટે તે માટેના ઉપાય જાણીએ. વૃત્તિઓ એકાગ્ર કરવામાં નડતરરૂપ બનતા પદાર્થ કે વ્યક્તિથી દૂર થઈ જવું. જીવનને અમુક સિદ્ધાંતો સાથે જીવવાની ટેવ પાડવી જોઈએ. સિદ્ધાંતો વગરનું જીવન સુકાની વગરની નાવ જેવું છે. ગમે ત્યાં લઈ જાય. વૉરેન બફેટ પોતે ૬૩ કંપનીના માલિક હોવા છતાં સાંજે ૭ વાગ્યા પછી મોબાઇલ સાઇડમાં મૂકીને પરિવારને સમય આપે છે. જો તેઓ આવું કરી શકતા હોય તો આપણે પણ કરી શકીએ. સરદાર વલ્લભભાઈ પટેલ ભારતના ગૃહમંત્રી પદ પર હતા. યુદ્ધની સ્થિતિ હોય તોપણ તેઓએ તેમના સેક્રેટરીને સવારે ૪૫ મિનિટ દરમ્યાન મને કોઈ ફોન ન આપવો તે અંગે સ્પષ્ટ સૂચના આપી દીધી હતી. આ સમયમાં તેઓ પ્રભુ સાથે જોડાણ કરતા. જેનાથી જ તેઓને દિવસ દરમ્યાન મહત્ત્વના નિર્ણયો લેવાની આંતરિક ઊર્જા મળતી. મહાપુરુષોના જીવનમાંથી આવા સિદ્ધાંતો શીખવા જોઈએ. એટલે જ આપણા સમસ્ત સમાજને સવારે જ્ઞાન-ધ્યાન ચિંતનમાં જવાની આજ્ઞા કરી છે. એનાથી મહારાજ સાથે સંબંધ કેળવાય. બૅટરી ચાર્જ થઈ જાય. અંતર ભર્યું ભર્યું થઈ જાય.

કેવળ કૃપા કરીને મહારાજ અને મોટાએ આપણને આ યોગમાં બેસાડ્યા છે. અનાદિમુક્તની પદવી આપી છે. સત્પુરુષરૂપી મા મળી છે. આવા મહામોલા જોગમાં અનાદિમુક્તની સ્થિતિ પામવાની ત્વરા ન જાગે, મૂર્તિસુખને માણવાની લાલચ ન જાગે, સુખનું આકર્ષણ ન થાય તો કોણ કરાવશે ? આ જોગમાં અત્યારે નહિ તો ક્યારે કરીશું ? સમય પાકી ગયો છે. જો એમ ન કરીએ તો મહારાજ અને મોટાના ગુનેગાર થવાય.

ગુરુદેવ કાયમ કહેતા, ‘‘ટીલું-ટપકાં કરતા થઈ ગયા એટલે ભગત બની ગયા એમ ન સમજવું. મંદિરે આવો, બે-પાંચ પૈસા મેલો ને જે જે (દર્શન) કરીને નીકળો.’’ આવો સત્સંગ ક્યાં સુધી રહેશે ? મહારાજને આવો સત્સંગ પસંદ જ નથી. મહારાજ અને મોટા આપણને પૂર્ણ પાત્ર બનાવવા માગે છે. પાત્રતા વગર સુખ મળે તો ફાટી જવાય. ચાલો, થોડી આંતર તપાસ કરીએ.


## દેશ ખાતે ઘનશ્યામ મહાપ્રભુના દિવ્ય અભિષેકની વિગત



**‘‘કોઈને દેહનું દુઃખ હશે, ભૂત-પ્રેતાદિકનું નડતર હશે, આર્થિક મુશ્કેલીઓ હશે, ગમે તેવી મૂંઝવણો હશે કે સાંસારિક પ્રશ્નો હશે પણ આ મંદિરમાં આવી ભગવાનનાં દર્શન કરશે, એમનો આશરો કરશે, નિર્વ્યસની થઈ કંઠી બાંધશે અને બાધા-માનતા રાખશે તેનાં સર્વે દુઃખ થકી ભગવાન તેની રક્ષા કરશે, કરશે ને કરશે જ...’’**

**- ગુરુદેવ પ.પૂ. બાપજી**

**સમય : સવારે ૯થી ૧૨, સાંજે ૪થી ૬**
**દર મંગળવાર તથા શુક્રવારે સાંજે ૪થી ૫**
**ધૂનનો સમય : દર મંગળવાર તથા શુક્રવારે સાંજે ૫થી ૭**

**SMVS તીર્થધામ શ્રી સ્વામિનારાયણ મંદિર, ગોધર**
**લુણાવાડા-સંતરામપુર હાઇવે, તા. સંતરામપુર, જિ. મહીસાગર. ફોન : ૯૯૨૫૨૩૭૦૧૮/૩૩**

## વિદેશ ખાતે અભિષેકની વિગત

**SMVS શ્રી સ્વામિનારાયણ મંદિર, જર્સીસિટી (USA)**
**સોમવારથી શનિવાર સવારે ૧૧:૧૫થી ૧૧:૪૫**
**દર રવિવારે સાંજે ૦૭:૩૦થી ૦૮:૦૦**
**સંપર્ક : બાલેન્દ્રભાઈ : ૮૬૨ - ૨૧૫ - ૨૨૫૫**
**વિનુભાઈ : ૨૦૧ - ૨૩૯ - ૬૪૪૬**

**SMVS શ્રી સ્વામિનારાયણ મંદિર, ટોરન્ટો (કેનેડા)**
**દરરોજ સવારે ૦૯:૩૦થી ૧૧:૧૫**
**દરરોજ સાંજે ૦૪:૩૦થી ૦૫:૪૫**
**સંપર્ક : બળવંતભાઈ : ૪૧૬ - ૭૪૧ - ૭૬૮૭**
**૪૧૬ - ૮૪૬ - ૪૩૪૦**


વૃત્તિઓ ડહોળાવાનું કારણ આપણામાં એકાગ્રતા નથી.



# ઘનશ્યામનગર દશાબ્દી મહોત્સવની સ્મૃતિઓ...

આજથી ૪૦ વર્ષ પૂર્વે ઈ.સ. ૧૯૮૪માં ઘનશ્યામનગર મંદિરના પરિસરમાં દશાબ્દી મહોત્સવ તા. ૨૦-૪-૧૯૮૪થી તા. ૨૭-૪-૧૯૮૪ એમ ૮ દિવસનો ખૂબ ભવ્યતાથી ઊજવાયો હતો. આ દશાબ્દી મહોત્સવ જેણે જેણે પ્રત્યક્ષપણે માણ્યો તેઓ તો આજે ૪૦ વર્ષ પછી પણ તેના આસ્વાદને ભૂલી શક્યા નથી. પરંતુ ભાવિ પેઢી માટે એ અમૃતમય સંભારણાં માણવા ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીએ દળદાર દશાબ્દી મહોત્સવ વિશેષાંક સ્વહસ્તે લખવાની મહાસેવા કરી હતી. ઈ.સ. ૧૯૮૪માં દશાબ્દી મહોત્સવ વિશેષાંક લખાતો હતો એ વખતે સંસ્થાની એવી કોઈ આર્થિક સધ્ધરતા નહિ કે આજના જેવી ટેક્નૉલૉજીનો યુગ પણ ન હતો. વ્હાલા ગુરુજીએ કેવી રીતે લખ્યો હતો આ વિશેષાંક તે જાણીએ.

જૂના ઘનશ્યામનગર મંદિરના બેઝમેન્ટમાં (ભોંયરામાં) અલાયદો એક વેન્ટિલેશનની જાળીવાળો અંધારિયો ઓરડો હતો. લેખનકાર્ય માટે એકાંત જોઈએ તેથી ગુરુજીએ એકાંત માટે એ અંધારિયા ઓરડાને પસંદ કર્યો. લખવા માટે લીટી વગરના રફ કાગળ અને સાદી રિફીલ હતી. ક્યાં સાદી બોલપેન પણ કોઈ લાવી આપનાર હતું ? વિશેષાંકના લેખનકાર્યમાં સાદી ૩૦ રિફીલો વપરાઈ હતી. હસ્તલિખિત ૪૦૦ પેજનો વિશેષાંક એકલા હાથે ગુરુજીએ સ્વયં તૈયાર કર્યો હતો. જેને પ્રેસમાં અક્ષરનાં ચોકઠાં ગોઠવીને છપાવતાં ૨૮૮ પાનાનો વિશેષાંક તૈયાર થયો હતો. જેમાં કંડારાયેલી સ્મૃતિઓ આજે પણ અહોભાવથી આર્દ્ર કરી દે છે. ચાલો, વિશેષાંકના સથવારે એ અતીતની મીઠી સ્મૃતિને વાગોળી વર્તમાનને પરિપુષ્ટ કરીએ.



એક દળદાર પુસ્તક જેવો લાગતો આ વિશેષાંક એ વ્હાલા ગુરુજીના અંતરમાં રહેલ ગુરુદેવ પ.પૂ. બાપજીના મહાત્મ્યનું પ્રથમ દર્શન છે. એટલું જ નહિ મહારાજ, જીવનપ્રાણ અબજીબાપાશ્રી તથા સમર્થ સદ્‌ગુરુશ્રીઓના મહાત્મ્યના લેખની સાથે ગુરુદેવ પ.પૂ. બાપજીના મહિમાનો લેખ અને તેમના દિવ્ય કલ્યાણકારી ગુણો સહ કરેલ અનંત દાખડાનું વર્ણન દસ તબક્કામાં અદ્‌ભુત રીતે વ્હાલા ગુરુજીએ સ્વહસ્તે આલેખ્યું છે. વ્હાલા ગુરુજીએ સૌપ્રથમ વખત ગુરુદેવ પ.પૂ. બાપજીના પ્રાગટ્યથી માંડીને છેક ઈ.સ. ૧૯૮૪ સુધીનો તમામ ઈતિહાસ આ અંકમાં વર્ણવ્યો છે. સાથે મહોત્સવના કેટલાંક પૂર્વ આયોજનો પણ વિગતે આલેખ્યાં છે.

ગુરુદેવ પ.પૂ. બાપજીએ દશાબ્દી મહોત્સવ ઉપક્રમે અમદાવાદમાં ભવ્ય દસ પદયાત્રાઓ તથા બે સાઈકલયાત્રાઓ કાઢી સમગ્ર અમદાવાદમાં સંકલ્પોના વાવેતર કર્યાં હતાં. જેમાં અમદાવાદનો એક એક ખૂણો આવરી લેવાયો હતો. દરેક પદયાત્રામાં ગુરુદેવ પ.પૂ. બાપજી પોતે પણ પોતાના સંતો સાથે છેક સુધી ઉઘાડા પગે જ ચાલ્યા હતા.

પદયાત્રાઓના આયોજન સાથે ગુરુદેવ પ.પૂ. બાપજીના તૈયાર કરેલા સહજાનંદી સિંહ સમા યુવાનોએ શ્રીજીમહારાજને રાજી કરવા બે સાઈકલયાત્રાઓનું આયોજન કર્યું હતું.

ઘનશ્યામનગર દશાબ્દી મહોત્સવમાં દરરોજ સવારે પ્રાતઃ સેશનમાં ગુરુદેવ પ.પૂ. બાપજી કથામૃતનું પાન કરાવતા અને દરરોજ સંધ્યા સેશનમાં ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી દિવ્યવાણીનો લાભ આપી સૌને બળિયા કરતા. જે વાતોને સંક્ષિપ્તમાં ઘનશ્યામનગર દશાબ્દી મહોત્સવ વિશેષાંકમાં આલેખી છે. આજે તેને વાગોળતાં આનંદ-અહોભાવ થાય છે કે, ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીએ ઈ.સ. ૧૯૮૪માં પરભાવની, મૂર્તિના સુખની, દેહ-આત્માની વિક્તિની જે વાતો કરી છે એ જ વાતો આજે ઈ.સ. ૨૦૨૪માં ૪૦ વર્ષ પછી પણ એવા જ આગ્રહ સાથે કરી રહ્યાં છે. જે અનાદિમુક્તની સ્થિતિના પ્રવર્તનના મુખ્ય સંકલ્પને પૂર્ણ કરવા જ ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીનું આ બ્રહ્માંડમાં પ્રાગટ્ય છે તેની સહેજે પ્રતીતી કરાવે છે. તેથી જ તો અતીત અને આજ એક જ છે. અત્રે દશાબ્દી મહોત્સવના પ્રથમ દિનની વ્હાલા ગુરુદેવ પ.પૂ. બાપજીની પ્રાતઃ સભા અને વ્હાલા ગુરુજીની સાયં સભા યથાતથા સંપૂર્ણપણે આલેખી છે. ત્યારબાદના દરેક દિનમાંથી કથાવાર્તાના અમુક અંશો અત્રે રજૂ કરવાનો પ્રયાસ કર્યો છે.



## મહોત્સવ પ્રથમ દિન સભા (તા. ૨૦ એપ્રિલ, ૧૯૮૪ શુક્રવાર)
## પ્રાતઃ સેશન - વ્હાલા ગુરુદેવ પ.પૂ. બાપજી

વર્ણીવેષરમણીયદર્શનં મંદહાસ્ય-રુચિરાનનામ્બુજમ્ ।
પૂજિતં સુરનરોત્તમૈર્મુદા ધર્મનંદનમહં વિચિન્તયે ॥

સત્સંગી બંધુઓ, ધણીનાં કામ ધણી જ કરે છે. આપણા સર્વેના સમર્થ ધણી અનંતકોટિ બ્રહ્માંડના અધિપતિ શ્રી સ્વામિનારાયણ ભગવાન છે. અધર્મનો સંહાર કરી પૃથ્વી પર એકાંતિક ધર્મનું સ્થાપન કરી, સર્વોપરી ધામની, સર્વોપરી સુખની, સર્વોપરી પ્રાપ્તિ કરાવવી એ તો સર્વોપરી હોય એ જ કરી શકે. અનાદિકાળથી માયામાં ગડમથલ કરતા અને બિચારા મૂળમાયામાં ફસાયેલા જીવોનો ભગવાન સુધી પહોંચવાનો વારો કેમ આવે? અને એમાંય આ સર્વોપરી ભગવાનની પ્રાપ્તિ તો તેને થાય જ કેમ?

આપણને ધણીએ પોતાનું સ્વરૂપ ઓળખાવી, ઉપાસના દૃઢ કરાવી આ સભામાં બેસાર્યા છે તે કેવળ ધણીની કૃપા જ છે. આ રીતે પોતાનું સર્વોપરી જ્ઞાન કરાવી, પોતાના સર્વોપરી અક્ષરધામની પ્રાપ્તિ માયામાં ગડમથલ કરતા જીવોને કરાવવાને માટે જ આપણા પ્રાણપ્યારા સ્વામિનારાયણ ભગવાન, તેમના સંકલ્પમૂર્તિ જીવનપ્રાણ બાપાશ્રી તથા અનંત મુક્તો આ બ્રહ્માંડમાં પ્રગટ થયા. આજ સુધી અવતારો તો ઘણા થયા ને થશે પણ આ સર્વ અવતારના અવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાનની વાત તો સૌથી નોખી, નોખી ને નોખી જ છે. એટલે જ અ.મુ. સદ્. શ્રી નિષ્કુળાનંદ સ્વામીએ કહ્યું છે કે,

"આ મૂર્તિ સૌથી નોખી, અચરજકારી છે,
ચોક્કસ વાત કહું છું ચોખી, અચરજકારી છે."

વળી શ્રીજીમહારાજે અને મુક્તોએ પ્રગટ થઈ કલ્યાણના એવા ખાંગા કર્યા કે કોઈ પણ દૃષ્ટિમાં આવ્યો નથી કે ઉપાડ્યો નથી. રોકડું કલ્યાણ. પ્રગટ ભગવાનની પ્રાપ્તિ એ જ કલ્યાણ. મનુષ્ય રૂપે જ્યારે મહારાજ દેખાતા ત્યારે જેમ મહારાજને મળવે કરીને રોકડું કલ્યાણ હતું એવી જ રીતે આજે પણ આ પ્રતિમા સ્વરૂપને વિષેથી પ્રતિમાભાવ ટળી જાય તો કલ્યાણ કે મોક્ષ પ્રગટ, પ્રગટ ને પ્રગટ જ છે.

"ભાગ્ય જાગ્યાં રે આજ જાણવાં, થયા કોટિ કલ્યાણ;



અધ્યાત્મનો સુમેરું એટલે ગુરુજી.

ઉધારો ન રહ્યો એહનો, પામ્યા પ્રભુ પ્રગટ પ્રમાણ.
ભાગ્ય જાગ્યાં રે આજ જાણવાં.''

શ્રીજીમહારાજ મહેમદાવાદથી એક સમે બપોરે ઉનાળાના ધોમધખતા તાપમાં સંતોને લઈ નીકળ્યા છે. અ.મુ. સદ્. શ્રી બ્રહ્માનંદ સ્વામી સખાભાવે શ્રીજીમહારાજને પૂછે છે કે, ''હે મહારાજ, તમે આટલા બધા તાપ-તડકા સહન કરો છો અને જીવોનાં કલ્યાણ કરો છો તે હજુ તમારે કેટલાં કલ્યાણ કરવાના છે ?'' મહારાજ કહે, ''ચાલો, તેનો ઉત્તર અમે આગળ કરશું.'' આગળ જતાં રસ્તામાં એક કૂવો આવ્યો. મહારાજ બ્રહ્માનંદ સ્વામીને કહે, ''સ્વામી, જુઓ તો પેલા કૂવામાં શું છે ?'' સ્વામીએ કૂવામાં જોઈને કહ્યું જે, ''મહારાજ, કૂવો તો આખો રાઈના દાણાથી ભરેલો છે ?'' મહારાજ કહે, ''બ્રહ્માનંદ સ્વામી, એ કૂવામાં કેટલા રાઈના દાણા છે તે ગણી નાખો.'' બ્રહ્માનંદ સ્વામી કહે, ''અરે મહારાજ ! આ તો અગણિત દાણા છે. તેને તે કેમ ગણી શકાય ?'' મહારાજ કહે, ''બ્રહ્મમુનિ, આટલા જીવોનાં કલ્યાણ તો અમે કરી નાખ્યાં છે અને હવે પછી કેટલા જીવોનાં કલ્યાણ કરશું તેનો કોઈ નિર્ધાર નથી.'' એટલે જ અ.મુ. સદ્. શ્રી નિષ્કુળાનંદ સ્વામીએ કીર્તનમાં કહ્યું છે કે,

''આજ અમૃતની હેલી થઈ, રહી નહિ કાંઈ ખોટ;
એક કલ્યાણનું ક્યાં રહ્યું, થયાં કલ્યાણ કોટ.
ભાગ્ય જાગ્યાં રે આજ જાણવાં.
કોણ જાણે આ કેમ થયું, આવ્યું અણચિંતવ્યું સુખ;
ઢાળો અલૌકિક ઢળી ગયો, હરિ મળ્યા મુખોમુખ.
ભાગ્ય જાગ્યાં રે આજ જાણવાં.''

ટૂંકમાં, શ્રીજીમહારાજે પ્રગટ થઈ આત્યંતિક કલ્યાણની અલૌકિક રીત ચલાવી. અને એટલે જ અ.મુ. સદ્. શ્રી ગુણાતીતાનંદ સ્વામી કહે, ''કોઈ પાંચ શેર ચમક હોય, કોઈ દસ શેર ચમક હોય, કોઈ મણ ચમક હોય પણ આ તો ચમકનો પર્વત આવ્યો છે કે જે ઝપાટામાં આવ્યા તેને ખેંચી લીધા.''

ભાદર નદીને કાંઠે આત્માનંદ સ્વામીએ શ્રીજીમહારાજને કહ્યું જે, ''હે મહારાજ ! સત્સંગ તો બહુ થયો.'' ત્યારે શ્રીજીમહારાજ કહે, ''સ્વામી, હજુ સત્સંગ તો ક્યાં થયો છે ?'' એમ કહીને બોલ્યા જે, ''અમારા સંબંધવાળા એક એક સંત વાંસે જ્યારે લાખ લાખ મનુષ્ય ફરશે ત્યારે જાણશું જે સત્સંગ થયો અને વળી આખા બ્રહ્માંડના જીવ જ્યારે સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... ભજન કરશે ત્યારે સત્સંગ થયો એમ જાણશું. વળી, અમારો સંકલ્પ તો એવો છે જે કરોડ વહાણે કરીને એક મનવાર ભરાય એવી સો કરોડ મનવારો ભરાય એટલા જીવનું કલ્યાણ કરવું છે. તે સારુ અમે અક્ષરધામમાંથી અમારા મુક્તોએ સહિત આંહીં પધાર્યા છીએ. તે આ મનુષ્ય રૂપે દેખાઈએ છીએ ત્યાં સુધી જ નહિ પણ યાવદ્ચંદ્રદિવાકરૌ આ બ્રહ્માંડનું પીઠ રહે ત્યાં સુધી અનંત જીવોનાં કલ્યાણ અમારે કરવાં છે. તે કોઈને એમ થાય કે એટલા બધા જીવનું કલ્યાણ શી રીતે થાય ? તો અમારાં દર્શન કરશે, અમારા સાધુનાં દર્શન કરશે, એમનો ગુણ લેશે, અમારા સત્સંગીનાં દર્શન કરશે તથા સત્સંગીને જમાડે, તેના ઘરનું પાણી પીવે કે તેને પાણી પાય કે તેનો ગુણ લે એ સર્વનું અમારે કલ્યાણ કરવું છે.'' વળી મહારાજે આગળ કહ્યું જે, ''એવી રીતે તો સો કરોડ મનવારો લાવ્યા છીએ તે ભરવી છે. તે પ્રથમ તો ચિંતામણિઓ ભરશું, પછી પારસમણિઓ ભરશું, પછી હીરા, પછી મોતી, પછી સોનામહોરો, રૂપિયા અને તેમ કરતાં છેલ્લે બાકી રહેશે તો ગારોય ભરશું. પણ અમારે કોઈ જીવની પાત્રતા-કુપાત્રતા સામું જોવું નથી. કેવળ ફદલમાં કલ્યાણ કરવું છે.''

''સર્વોપરી ને સદા પ્રગટ છે, સહજાનંદ ભગવાન;
જીવનું ફદલ કરે કલ્યાણ.''

આમ, અનંતકોટિ બ્રહ્માંડના અધિપતિ શ્રી સ્વામિનારાયણ ભગવાને પ્રગટ થઈ, પોતાના ધામમાંથી સાથે લાવેલા ધર્મ-નિયમો ભક્તોને શીખવ્યા. મોટા મોટા મુક્તો પણ એ મુજબ વર્ત્યા અને અનેકને વર્તાવ્યા. પણ આ બધું ઉપાસના, ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ આદિ ગુણો ત્યારે જ જીવમાં ઊતરે કે તો જ સત્સંગ રહે કે જો નિત્ય પ્રત્યે સંતોનો સમાગમ રહે. સત્સંગની પુષ્ટિ માટે સ્થાન, સંગ ને શ્રદ્ધા આ ત્રણે પાસાં એકબીજાનો પર્યાય છે. સૌપ્રથમ તો ભગવાન ભજવા માટે એક હેત-રુચિવાળાએ ભેગા મળીને શ્રીજીમહારાજે શું કહ્યું છે ને આપણે શું કરી રહ્યા છીએ તેના હિસાબો નિત્ય પ્રત્યે જોવા... માટે સ્થાન યાને મંદિર જોઈએ.

અમને સંતોને તો શ્રીજીમહારાજની કડક આજ્ઞા છે કે, ''હે સંતો, તમારે કમાવા જવાનું નથી, પરસેવો પાડવાનો નથી. ઘઉં, તેલના ભાવ પૂછવાના નથી અને છતાં જો પાશેર અનાજ જમો ત્યાં સુધીય પરોપકાર નહિ કરો, મોહ અને માયાથી





આંધળા થયેલા જીવોને પકડી પકડીને પાટે નહિ ચડાવો તો તમે અમારા ગુનેગાર થશો.'' માટે આ બ્રહ્મયજ્ઞ પણ કેવળ એક શ્રી સ્વામિનારાયણ ભગવાનની મૂર્તિમાં જીવોને જોડવા માટે જ છે. માટે સૌ કોઈ આવ્યા છો તે કોઈ ખાલી ન જશો. આપણે તો ભર્યા રહેવાનું છે. આ તો કારણ સત્સંગની, મૂર્તિમાં રમનારા અનાદિમુક્તોની સભા છે. શ્રીજીમહારાજે એક વખત સંતોને પૂછ્યું કે, ''હે સંતો ! તમે બધા ખાલી છો કે ભર્યા ?'' સંતો વિચારમાં પડ્યા કે, 'મહારાજે આ શું પૂછ્યું ?' ત્યાં બધા વતી અ.મુ. સદ્. શ્રી ગોપાળાનંદ સ્વામી બોલ્યા જે, ''હે મહારાજ, આમાં કેટલાક ખાલી છે ને કેટલાક ભર્યા છે.'' મહારાજ કહે, ''ખાલી હોય તેના ધણી અમે નથી, અમે તો ભરેલાના ધણી છીએ.'' અર્થાત્ જે ભગવાનને સદાય ભેળા રાખીને, મહારાજની સ્મૃતિએ સહિત હરે છે, ફરે છે ને સર્વે ક્રિયા કરે છે તે બધા ભરેલા જ છે અને જે ભગવાનને ભૂલીને સર્વે ક્રિયા કરે છે તે બધા ખાલી જ છે.

અહીં આ સત્સંગીભૂષણ ગ્રંથના પંચમ સ્કંધના ચોથા અધ્યાયમાં વાસુદેવાનંદ બ્રહ્મચારી મહારાજ પાસે વરદાન માગી આપણને માગવાની રીત સમજાવે છે : ''મહારાજ ! તમારા સ્વરૂપમાં જ મારો અનુરાગ રહો. વળી, હે દયાળુ ! જગતના પદાર્થમાં ક્યારેય આસક્તિ ન થાઓ, હે હરે ! હે સ્વામિન્ ! ચંચળ એવું જે મારું મન અધ્યાત્મ-અધિભૂત અને અધિદૈવ એ ત્રણે પ્રકારના તાપથી તપાયેલું છે તેને ટળાવીને તમારી મૂર્તિના સુખમાં સદાય શાંતિ વર્તે, શાંતિ વર્તે. વળી દેહના સંબંધી મારા છે તેવા જીવ સાથે જડાયેલા અહંકારને કે ગ્રંથિને છેદાવી-ભેદાવી હું ભગવાનનો ને ભગવાન મારા એવો અહંકાર વર્તે. 'હું ભગવાનનો દાસ છું' એવું મને અખંડ વર્ત્યા કરે. વળી હે નાથ ! આ મહામોંઘા વર્તમાન મનુષ્ય જન્મમાં મને તમારા ભક્તોનો ને સત્પુરુષનો સંગ આપો. વળી હે જીવનપ્રાણ ! મોટા મોટાને બંધન કરનારી તમારી માયા શક્તિ ક્યારેય મને બંધન ન કરે તેવું બળ આપો.''

શ્રીજીમહારાજે છેલ્લાના છેલ્લા વચનામૃતમાં પણ એ જ વાત કરી છે કે, ''દેહને વિષે અહમ્‌બુદ્ધિ ને દેહસંબંધી પદાર્થને વિષે મમત્વબુદ્ધિ એ જ માયા છે. તે એ માયાને ટાળવી ને એ માયાને જેણે ટાળી તે માયાને તર્યો કહેવાય ને એ માયાને ટાળીને ભગવાનમાં પ્રીતિ કરવી એટલો સર્વ શાસ્ત્રનો સિદ્ધાંત છે. જે મોટા મોટા ભગવાનના ભક્ત તેમણે પણ ભગવાન પાસે એમ જ માગ્યું છે જે અહમ્-મમત્વરૂપ માયા થકી રક્ષા કરજો ને તમારે વિષે પ્રીતિ થાજો.'' આમ આગળ જતાં શ્રીજીમહારાજે એ જ આજ્ઞા કરી છે, ''માટે આપણે પણ એમ કરવું ને એમ જ માગવું.''







## મહોત્સવ પ્રથમ દિન સભા (તા. ૨૦ એપ્રિલ, ૧૯૮૪ શુક્રવાર)
## સાયં સેશન - વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી

બંધુઓ, આપણા સર્વેના પ્રાણપ્યારા ઘનશ્યામ પ્રભુએ આ દશાબ્દી મહોત્સવે તેઓને રાજી કરવાની એક ઉત્તમ તક આપી છે. જ્યારે સત્સંગીભૂષણ કે સત્સંગીજીવન ગ્રંથ વંચાય અને તેમાં ડભાણ કે જેતલપુરના યજ્ઞોનું વર્ણન થાય. ત્યારે કોઈને એમ થાય કે એ ડભાણ અને જેતલપુર આદિક વિધ વિધ ઠેકાણે કરેલા યજ્ઞો કેવા હશે ? આપણા જીવનપ્રાણ બાપાશ્રી વૃષપુરમાં કે ઠેર ઠેર નાના-મોટા યજ્ઞો કરતા તે કેવા હશે ? એ દાદાખાચરના દરબારમાં મહારાજ લીંબતરુ નીચે સભા કરીને બેસતા એ વખત... એ આનંદ... એ મજા... આ બધું કેવું હશે ? તો બંધુઓ, આજે મહોત્સવના સૌપ્રથમ મંગલ દિને એ વાતની જીવમાંથી દૃઢતા કરો કે જેમ શ્રીજીમહારાજે સ્વમુખવાણી વચનામૃતમાં કહ્યું છે કે, જેવી આ જીવને પરોક્ષને વિષે યાને અત્યારે આ ચર્મચક્ષુએ નથી દેખાતું તેને વિષે પ્રતીતિ છે તેવી પ્રતીતિ જો પ્રત્યક્ષને વિષે થાય એટલે કે અત્યારે મળ્યું છે ને દેખાય છે તેને વિષે થાય તો એને મોક્ષ માર્ગમાં કાંઈ સમજવાનું બાકી રહેતું નથી. આપણા જીવનપ્રાણ બાપાશ્રીએ આપણને એવો તો સુંદર અને સનાતન સિદ્ધાંત આપ્યો છે કે, અક્ષરધામની દિવ્ય તેજોમય મૂર્તિ, સંવત ૧૮૩૭માં પ્રગટ થયા એ મનુષ્યરૂપ મૂર્તિ અને આપણને વર્તમાનકાળે મળી જે પ્રતિમા સ્વરૂપ મૂર્તિ એ ત્રણેમાં રોમમાત્રનોય ફેર નથી, નથી ને નથી જ. તે મુજબ જે વખત અને જે સમય, વળી જે યજ્ઞો ડભાણ ને જેતલપુરમાં થયા અને જે યજ્ઞો બાપાશ્રીએ કચ્છમાં કર્યા એવો જ નહિ પણ એ જ વખત, એ જ આનંદ, એ જ ધણી, એ જ પ્રાપ્તિ આજે અને અત્યારે પણ આપણે એમ જ છે. આજે આપણા પ્રગટ ધણી શ્રી સ્વામિનારાયણ ભગવાન ભલે પ્રતિમા સ્વરૂપે બિરાજ્યા છે એમ જણાતું હોય પણ ડાંગરમાંથી જેમ ફોતરાને કાઢી નાખે કે તુરત ચોખાનું સુખ આવે તેમ વચ્ચે રહેલા પ્રતિમાભાવને હટાવી દો અને સમજણનો દૃઢાવ કરવો કે, જે દાદાખાચરને તથા અ. મુ. સદ્. શ્રી મુક્તાનંદ સ્વામીને પ્રાપ્તિ ને આનંદ હતો તે જ આનંદ ને પ્રાપ્તિ આપણે પણ છે. એ જ આ અક્ષરધામની સભા છે. અને એ જ ધણી ને મુક્તો અહીં બિરાજ્યા છે. એવા જ આશીર્વાદો અપાય છે અને લાભ પણ એવો જ છે. પણ લેતા આવડે તો... નહિતર જો એમ જ થતું હોય કે એ ભગવાન તો સંવત ૧૮૮૬માં અંતર્ધાન થઈ ગયા. એવા મુક્તો-સંતો પણ ચાલ્યા ગયા, તો તો એ ભાભો તો ગંગામાં નાહી જ ચૂક્યો છે. માટે ભલા થઈ આ કારણ સત્સંગની સભામાં સહેજ પણ ન્યૂનતાના કે બીજો-ત્રીજો પરોક્ષભાવનો સંકલ્પ કરશો જ નહીં. આ જ આ મહોત્સવનો એકમાત્ર હેતુ કે ધ્યેય છે. આ વાત જીવમાંથી એવી નક્કી કરી રાખવી કે મહોત્સવ ધણીનો છે, કામ ધણીનું છે, કરનારા પણ એ જ ધણી છે. અને દિવ્ય

**મોટા જ મોટાનો મહિમા સમજાવી શકે.**

આશીર્વાદ આપી, જમી, જમાડી હજારોનું દૃષ્ટિમાત્રે વર્તમાનકાળે કલ્યાણ કરનાર પણ ધણી જ છે. માટે ફલાણા સ્વામીએ બહુ મોટો સમૈયો કર્યો એ તો એકમાત્ર અવરભાવમાં બોલવાની રીત છે. બાકી એ સ્વામી તો શ્રીજીમહારાજની મૂર્તિમાં જ છે. આ તો અનાદિમુક્તની વાત છે. બહુ ઊંચી છે, સાંભળવા જેવી છે, તે પ્રમાણે જીવમાંથી હા પાડી અનુભવવા જેવી છે. મહારાજના અનાદિમુક્ત દેખાય છે જમતાં, દેખાય હરતાં-ફરતાં પણ વાસ્તવિકતા શું છે? તો અખંડ ભગવાનની મૂર્તિમાં રહી કેવળ મૂર્તિનું સુખ જ લીધા કરે છે.

"ખાતા પીતા હરતા કે ફરતા, નથી એ જતા કે આવતા;
જીવોના મોક્ષને માટે, સ્વયં હરિ ભૂ પરે ફરતા."

આ વાત તો બહુ ન્યારી છે, પણ છેલ્લી છે. તે આપવાનો જ સ્વામિનારાયણ ભગવાન અને બાપાશ્રીનો આદેશ છે. જીવનપ્રાણ બાપાશ્રીએ તથા સદ્‌ગુરુઓએ પ્રગટ થઈને ખાસ કરી આ જ વાત કરી કે... એક તો શ્રી સ્વામિનારાયણ ભગવાનનું સર્વોપરીપણું અને મૂર્તિમાં રહી મૂર્તિનું અત્યુત્તમ સુખ લેવાની જે અનાદિમુક્તની સ્થિતિની વાત એ સરળપણે સમજાવી છે. આપણા સમર્થ સદ્‌ગુરુઓએ અઢાર અઢાર વર્ષ સુધી દાખડા કરી એ જ વાત સમજાવી છે અને આપણે એમના જ વારસદાર દીકરા છીએ. એટલે જે મળે તેને છેલ્લી જ વાત આપવી છે. તેથી ઝીલવા માટે બરાબર સાવધાન થઈ રહેવું.

"અનાદિમુક્તના ઉત્તમ જ્ઞાનનું, લીધું લીધું અમે પણ પ્રચારનું;
તો જ શ્રીજીના ઋણથી છુટાય. સુણ ભાઈ કારણ સત્સંગમાં."

આ અનંતકોટિ બ્રહ્માંડના અધિપતિ, રાજામહારાજાધિરાજ શ્રી સ્વામિનારાયણ ભગવાનનું પ્રગટપણું અને તેમાં આપણો તેમની સાથે મેળાપ આ તો

"કીડી કુંજરનો મેળાપ, જીવન જાણું છું;
ક્યાં તમે ને ક્યાં અમે નાથ, જીવન જાણું છું."

મહારાજ આપણને કેવળ કૃપા કરીને, પોતાના જાણીને અહીં લાવ્યા છે અને આ દિવ્ય સભામાં બેસાડ્યા છે માટે ભલે ગમે ત્યાંથી આવ્યા હોય પણ ભલા થઈને દેહભાવે કરી 'અમે આવ્યા' એવો સંકલ્પ તો ભૂલેચૂકેય કરવો નહીં. આપણે વળી અહીં સુધી, અક્ષરધામની સભામાં બેસવાને કોણ પાત્ર ? કોણ સમર્થ ! પણ શ્રીજીમહારાજ આપણી પર કેવળ કૃપા કરીને, પોતાના કૃપાપાત્ર ગણીને અહીં લાવ્યા છે. માટે બધા ઠરાવમાત્ર મૂકી હું ધણીનો ને એ ધણી મારા. આ વાત ખૂબ પાકી કરી લેવી.

અહીં આવ્યા છીએ તે કંઈ મહેમાન થઈને આવ્યા નથી. કારણ કે મહેમાન હોય એને તો બે-ચાર-પાંચ દિવસમાં પાછું જવું પડે. એને તો બીજું ઘરેય હોય. પણ આપણે તો પોતાના ઘેર રહેવાનું છે તે મહેમાન થઈને રહેવાનું છે અને અહીં આવ્યા છીએ તે ઘરધણી થઈને આવ્યા છીએ. આપણે જુદા પડવાનું મહારાજે ને બાપાશ્રીએ રાખ્યું નથી. આપણું ઘર કહો, ગામ કહો, ધામ કહો, નિશાન કહો, મુકામ કહો કે ઠરવાનું ઠામ કહો તો એક જ છે અને તે શ્રી સ્વામિનારાયણ ભગવાનની મૂર્તિ. માટે બીજાં અન્ય બંધનો અને ઠરાવોનો સમજણે કરી પ્રલય કરતા શીખવાનું છે. અને એ માટે જ આ મહોત્સવ છે. મહારાજનો, બાપાશ્રીનો, સદ્‌ગુરુઓનો એ જ ઠરાવ હતો અને આજે આપણા પ.પૂ. બાપજીનોય એ જ સિદ્ધાંત છે કે બધા બાંધણાંથી છોડાવી આપણને બધાને ચોખ્ખા કરીને એ જ્યાં રહ્યા છે ત્યાં ઠેઠ મૂર્તિના સુખમાં ઠરીને ઠામ કરવા છે. જુઓ એટલે જ મોટાએ કહ્યું છે,

"ઠામ આ ઠામ, શ્રીજી એક જ સુખનું ઠામ;
પયસાકરવત્ સુખમાં રહીને, થાઓ પૂરણકામ."

જોયું ? વાસ્તવિકતા તો આ છે. ભલે અજ્ઞાન અને મોહે કરી જીવ બીજા ઠરવાના ઠામ કરીને તેમાં ફસાયો હોય પણ સો વાતની આ એક જ વાત છે કે મૂર્તિ વિના બીજે સુખ તો શું પણ સુખનો લેશેય નથી. પછી કોઈ મીઠાને સાકર માની બટકું ભરે તો તે માનવાથી સંતોષ લેવાનો છે. એમાં કાંઈ ગળપણ ન આવે. એમ જ છે. ક્ષણિક અને નાશવંત સુખોની પાછળ ઘેલો બનેલો જીવાત્મા આ વાત સમજે તો જ સુખ થાય. તો જ સમૈયામાં આવ્યા કામનું. બાકી સત્સંગમાં સમૈયા-ઉત્સવો તો ઘણા થાય છે. તેમાં શીરાય હજારો મણના થાય છે. રોશનીય લાખો રૂપિયાની થાય છે. પણ તેમાં મૂર્તિનું સુખ કેટલું પમાય છે ? તે પૂછનારાય ઓછા અને પૂછાવનારાય ઓછા ! તમે આવ્યા, જે કથામાં બે ઘડી બેઠા, થોડું ફર્યા અને સંતોષ માન્યો કે અમે સમૈયે જઈ આવ્યા અને અમે માન્યું કે ફલાણાભાઈ આવી ગયા. પણ શું લઈ ગયા ? તે ન પુછાય ત્યાં સુધી ન તમારુંય કાંઈ વળે કે ના અમારુંય વળે. માટે આ તો ભાઈ શ્રીજીમહારાજે તો ચોખ્ખું કહ્યું છે તેમ અમારે તે સાચેસાચું કહેવું છે અને ધણી રાખે તેમ રહેવું છે. મોટાના સિદ્ધાંતો તો આ જ છે. જીવનપ્રાણ બાપાશ્રીની આપેલી લટક તો જુઓ,

"અમે રહેનારા રે મૂર્તિ ગામના..."

આપણું ગામેય મૂર્તિ ! વળી,

"સ્વામિનારાયણની મૂર્તિ એ જ ગામ છે,
અનાદિમુક્તોને પ્યારું એ ધામ છે."

ધામેય મૂર્તિ અને ઘરેય મૂર્તિ. તો સગાંસંબંધી તે પણ સર્વસ્વ મૂર્તિ જ છે.

"મારાં માતાપિતા સગાં આપ છો, મુને મૂર્તિ જ ઘર મનાય;
એ વર મુને આપજો."

બંધુઓ, આ વાતથી પર અન્ય કોઈ વાત નથી, અન્ય પર કોઈ સાર નથી, અન્ય ઉત્તમ કોઈ સિદ્ધાંત નથી. છેલ્લી વાત, છેલ્લી સ્થિતિ ને છેલ્લા સુખની વાત છે.



મોટાપુરુષનું દર્શન એ મહારાજની ઉદારતા ને ભવ્યતાનું દર્શન છે.



## ગુરુદેવ પ.પૂ. બાપજી દ્વારા થયેલ મૂર્તિના સુખની વાતો (દશાબ્દી મહોત્સવના અંકમાંથી સંકલિત)

**મહોત્સવનો દ્વિતીય દિન**

બાપાશ્રીએ તો એટલે જ કહી દીધું છે કે, લાખ-કરોડ જન્મ ધરો ને કાર્ય સત્સંગ કરો પણ આ દિવ્ય કારણ સત્સંગનો એક મિનિટનો જોગ તેથી અધિક છે. એ કારણ સત્સંગની વાત જ નોખી છે. એ સભામાં આપણને બેસાર્યા છે. તેના માટે આપણે કેટલાં સાધન કર્યાં છે ? પણ...

''ન ગઈ ગંગા ગોદાવરી કાશી, ઘેર બેઠા મળ્યા ધામના વાસી;
તપ રે તીર્થમાં હું કાંઈ નવ જાણું,સહેજે સહેજે રે હું તો સુખડાં રે માણું.''

**મહોત્સવનો તૃતીય દિન**

માટે ભગવાનના સ્વરૂપનો અને સાથે સાથે પોતાના સ્વરૂપનો અડગ નિશ્ચય કરવો કે સર્વોપરી ભગવાન મને મળ્યા ત્યારથી મને અનાદિમુક્ત કરીને મૂર્તિના સુખમાં રાખ્યો છે, રાખ્યો છે ને રાખ્યો છે. આ એવા અનાદિમુક્તની જ સભા છે. ભલે દેખાય યા ન દેખાય પણ સમજણ તો આવી જ રાખવી.

શ્રીજીમહારાજ સભામાં સંતો-હરિભક્તોને કહે છે કે, હે સંતો, હે ભક્તજનો ! આ સભા કેવી છે અને તમે બધા કેવા છો તેની તમને ખબર છે ? તો સાંભળો.

''આ સભામાં આપણ સહુનાં, તેજોમય તન છે,
છટા છૂટે છે તેજની, જાણે પ્રકટિયા કોટિ ઈન્દુ છે.''

એ જ વાતનું અનુસંધાન મહારાજે ગઢડા મધ્યના ૧૩મા વચનામૃતમાં પોતાનું, પોતાના તેજરૂપ અક્ષરધામનું, અવરભાવનું ને પરભાવનું વર્ણન કરતાં કહ્યું છે કે, અમે બોલીએ છીએ તે પણ ત્યાં જ (એટલે અક્ષરધામમાં) બેઠા થકા જ બોલીએ છીએ અને તમે પણ સર્વે ત્યાં જ બેઠા છો એમ હું દેખું છું, પણ આ ગઢડું શહેર કે આ ઓસરી કાંઈ દેખાતું નથી. જોયું, આ જ અવરભાવ ને પરભાવ. ચર્મચક્ષુએ દેખાય છે તે અવરભાવ છે ને જે દેખાતું નથી પણ વાસ્તવિકતાએ જે છે તે પરભાવ છે. એ સમજાય અને અવરભાવ ટળે તો જ ભગવાનના સુખને પમાય છે. દેખાય છે હું પટેલ કે બ્રાહ્મણ કે દરબાર પણ તે અવરભાવ ભૂલવાનો છે. એમ માનીને હજારો જન્મ સુધી ભક્તિ કરે તોય ભગવાનના સુખને ન પમાય પણ હું તો મહારાજનો અનાદિમુક્ત છું તે સમજીને દૃઢ કરવાનું છે. માટે આ પરભાવની વાતને બરાબર જીવમાં પાકી કરી રાખવી.

**મહોત્સવનો ચતુર્થ દિન**

વળી અ.મુ. સદ્. શ્રી પ્રેમાનંદ સ્વામીએ કહ્યું તેમ,

''કોટિ મુક્ત સેવા કરે, રોમ રોમ રસરૂપ,
અંગ પ્રકાશ અગમ અતિ, અક્ષરાતીત સ્વરૂપ.''

આવા રોમ રોમના સુખમાં તદ્‌લીન, તદ્‌રૂપ, ઓતપ્રોત,






વાણાતાણાની પેઠે રહેલા અનંત અનાદિમુક્તો અનાદિકાળથી મૂર્તિમાં રહી મૂર્તિનું સુખ લીધા જ કરે છે. છતાં તે સુખનો પાર કે માપ કે થાપ તેને પામી શકતા નથી. એ મહારાજની કેવડી બધી મોટાઈ ? આ તો સારંગપુરના ૧૧મા વચનામૃતમાં જણાવ્યું તેમ ''નિરંજનમ્ પરમંસામ્યમુપૈતિ'' અર્થાત્ ભગવાનમાં અતિશે સ્નેહવાળા જે ભક્ત માયાના અંજને રહિત થઈ પરમ સાધર્મ્યપણાને અર્થાત્ અનાદિમુક્તનો દેખાવેય જુદો નહિ એવી અલૌકિક સ્થિતિને પામે છે. તોય દેખાવ ભલે એકસરખો છે છતાં સ્વામી-સેવક, દાતા-ભોક્તા, નિયંતા ને નિયામક આ ભેદ તો છે, છે ને છે જ.

**મહોત્સવનો પંચમ દિન**

'કૃતારથપણું માની હવે નિયમને પાળો;
ન્યૂન માનો નહિ ને છકી ન જાવો તે સંભાળો.
પૂરું થઈ ગયું એમ માની બેસી ન રહેવું;
ધ્યાન કરી શ્રીજીનું સ્થિતિએ સુખડું લેવું.'

માટે, બસ... આપણે શું વાંધો છે ! મહારાજ પ્રગટ મળ્યા, બાપાશ્રી પ્રગટ મળ્યા, આપણું કલ્યાણ થઈ ગયું. એમ કરી બેસી રહેવાનું નથી કે હવે આપણે જેમ વર્તવું હોય તેમ વર્તો. તો એ નહિ ચાલે. આ તો પ્રાપ્તિ પણ મોટી અને વર્તન પણ મોટું રાખવું પડશે.



**મહોત્સવનો છઠ્ઠો દિન**

અ.મુ. સદ્. શ્રી ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું છે કે, સત્સંગ કોને કહેવાય ? તો કોઈ કહે કે, હું ફલાણા સ્વામી જોડે બહુ રહ્યો છું, મેં તેમની બહુ વાતો સાંભળી છે. મેં એમની ઘણી સેવા કરી છે. તો શું આ સત્સંગ કહેવાય ? સ્વામી કહે, ના. ભલે દેહે કરીને લાખ ગાઉ છેટે રહેતો હોય પણ ભગવાનના એવા સત્પુરુષને વિષે જેટલી આત્મબુદ્ધિ થાય તેટલો જ સત્સંગ કર્યો કહેવાય. નહિતર ત્યાં સુધી સત્સંગ અધૂરો જ ગણાય.

**મહોત્સવનો સાતમો દિન**

''નક્કી રાખ્યા છે તમને મૂર્તિમાં; કરી દીધા છે મુજ આકાર રે,
કહે છે વ્હાલો કરી કૃપા રે.''

નક્કી રાખ્યા છે. બંધુઓ, આપણને ધણીએ નક્કી પોતાની મૂર્તિમાં રાખ્યા છે. કેવા કરીને રાખ્યા ? તો કારિયાણીના ૧લા વચનામૃતમાં કહ્યું તેમ પોતારૂપ કરીને રાખ્યા. કારણ કે ભગવાનના સુખને દેહધારીથી ન પમાય માટે દેહધારી તો બનવું જ નહીં. અરે ભૂલેચૂકે એવો સંકલ્પેય ન કરવો કે હું દેહ છું, હું જગતનો પંચભૂતનો દેહધારી જીવ છું. સદાય આ આનંદ ને કેફમાં મસ્ત રહી મહારાજની આજ્ઞા સામું દૃષ્ટિ રાખવી. ભગવાનના સ્વરૂપની શુદ્ધ ઉપાસનાની સાથે પોતાના સ્વરૂપનું જ્ઞાન એ જ સાચું જ્ઞાન છે. ગઢડા પ્રથમના ૫૬મા વચનામૃતમાં મહારાજે એ જ બતાવ્યું છે કે, શાસ્ત્રોમાં આર્ત, અર્થાર્થી, જિજ્ઞાસુ ને જ્ઞાની આ ચાર પ્રકારના ભક્ત છે. એમાં જ્ઞાની ભક્તને ઉત્તમ કહ્યો છે કારણ કે તેને ભગવાનના સ્વરૂપના જ્ઞાનની સાથે પોતાના સ્વરૂપનું પણ ભાન છે. શ્રીજીમહારાજે આના અનુસંધાનમાં લોયાના ૧૦મા વચનામૃતમાં વાત કરી છે કે જેને પોતાના સ્વરૂપનું તથા ભગવાનના સ્વરૂપનું જ્ઞાન છે તેને ગમે તેવા સુંદર વિષય પ્રાપ્ત થાય પણ તેણે કરીને કાંઈ લેશમાત્ર પણ તેનું મન વિકારને પામે નહિ અને વિષયને આધીન થઈ જાય નહીં.



## ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી દ્વારા થયેલ મૂર્તિના સુખની વાતો (દશાબ્દી મહોત્સવના અંકમાંથી સંકલિત)

**મહોત્સવનો દ્વિતીય દિન**

આપણને પૂર્ણકામપણું મનાતું નથી અને પરિણામે ભિખારીપણું મટતું નથી. તેનું કારણ શું ? તો,

"ગુરુ અજ્ઞાની પોતે જ કહાવે, શિષ્ય કૃતાર્થપણું ક્યાંથી લાવે ?
માટે આપણે સર્વે તજીને, લેવા હેત હરિને ભજીને.
પ્રભુ મળ્યા આપણને સાક્ષાત્, તેણે સમજાવી સર્વે વાત;
છતે દેહે બેઠા છીએ ત્યાંય, શુદ્ધ અક્ષરધામની માંય,
એવો નિશ્ચય કર્યો છે નક્કી, સ્વામી શ્રી સહજાનંદ થકી;
મળ્યા પ્રગટ પુરુષોત્તમરાય, કહે તેહ સારુ શું ન થાય."

માટે ભાઈઓ, હવે પ્રાપ્તિમાં તે દયાળુએ દયા કરીને આપણા કોઈના માટે કાંઈ બાકી રાખ્યું નથી. સર્વોપરી ભગવાન મળ્યા અને અનાદિમુક્તની પ્રાપ્તિ પણ આપનારાએ આપી. હવે બરાબર જતન કરીને આ બધી વસ્તુ જાળવી રાખવાની છે.

**મહોત્સવનો ચતુર્થ દિન**

કથામૃતનું પાન કરવું એ મરતાં મરતાં ન કરવું. બરાબર ખબડદાર થઈ, દેહભાવથી વિરક્ત થઈ પોતાના સાચા સ્વરૂપને ઓળખી કથામૃતનું પાન કરવું તો સાચા મોતી પાકે નહિતર પૈસાની મુઠ્ઠી ભરાય એવા ફટકિયા પાકે. માટે ભાઈઓ, મહારાજે તો મધ્યના ૪૫મા વચનામૃતમાં કહ્યું જ છે કે, "તમે અમારા છો, માટે અમારે તમારામાં તલમાત્ર કસર રહેવા દેવી નથી."

મહારાજ ને મોટા આપણને આ સભામાં પોતાનું સ્વરૂપ ઓળખાવે છે. ટકોરી ટકોરીને કહે છે. કારણ કે અનાદિકાળથી દેહ એ જ પોતાનું સ્વરૂપ છે એમ માનીને જીવાત્મા અનંત યોનિમાં અનંત જન્મોને પામેલો છે. અને ખોટેખોટું એવું જીવમાં પેસી ગયું છે કે સાચું છે એ મનાતું નથી.

શ્રીજીમહારાજે ગઢડા પ્રથમના ૨૦મા વચનામૃતમાં કહ્યું છે જે, અજ્ઞાનીમાં અતિશે અજ્ઞાની કોણ છે ? શું ઓછું ભણેલો હોય તે ? ના. મહારાજ કહે, જે પોતાના સ્વરૂપને જાણતો નથી, ને પોતે પોતાના સુખને ભોગવતો નથી એ જ અજ્ઞાનીમાં અતિશે અજ્ઞાની છે, એ જ મૂર્ખમાં અતિશે મૂર્ખ છે, નીચમાં અતિશે નીચ છે. અને એ જ ઘેલામાં અતિશે ઘેલો છે. માટે સૂધા સાવધાન થઈ ભગવાનને રાજી કરવા બરાબર કમર કસવી.

**મહોત્સવનો પંચમ દિન**

"મૈં હૂં આદિ અનાદિ, આ તો સર્વે ઉપાધિ."

બાપાશ્રીએ આપણને શીખવ્યું છે તે મુજબ હું દેખાઉં છું આદિ જેવો પણ છું તો અનાદિ. અર્થાત્ અનાદિકાળથી શ્રીજીમહારાજની મૂર્તિમાં જ છું. પહેલાં આમ હતો ને પછી આમ થયો એમ નહિ પણ અ.મુ. સદ્. શ્રી વૃંદાવનદાસજી સ્વામીએ





પહેલી જ વાતમાં કહ્યું તેમ, જે ભગવાનના સુખમાં જોડાણો એને તો હું અનાદિકાળથી અખંડ ભગવાનના સુખમાં જ છું એમ જ વર્તે છે. પણ આ અનાદિભાવે વર્તાય અને આદિભાવ ટળે ક્યારે? તો ''સદ્‌ગુરુ મિલિયા અનાદિ, મિટ ગઈ સર્વે ઉપાધિ.'' જ્યાં સુધી એવા અનાદિ સદ્‌ગુરુ-ભગવાન કે ભગવાનના સંકલ્પ સ્વરૂપ ન મળે ત્યાં સુધી અનાદિ ન થવાય. પૂર્ણકામ મળે તો પૂર્ણકામ કરે.



### મહોત્સવનો છઠ્ઠો દિન

વિચાર કરો બંધુઓ ! વિચારવા જેવું છે. સમજીને બરાબર જીવમાં ઉતારવા જેવું છે. અનુભવવા જેવું છે. અઘરુંય બહુ છે અને સહેલુંય બહુ છે. દેહધારી માટે અઘરું બહુ છે અને ભગવાનના ભક્ત માટે ખરો થઈને મંડે તો સહેલુંય બહુ છે. આ વાતનો ક્યારેય થોડી વાર અંતર્વૃત્તિ કરીને વિચાર સુધ્ધાં કર્યો ખરો ? આપણે રોજ રાત્રે કીર્તન તો બોલી જઈએ છીએ અને નિયમ પૂરું કરી સંતોષ માનીએ છીએ કે બસ, મેં નિયમ કર્યું. ઠીક છે, નથી જ કરતા એના કરતાં ઘણું સારું છે. તેના માટે ધન્યવાદ છે. પણ બોલ્યા પછી ક્યારેય આપણે વિચાર કર્યો ખરો કે આપણે આ શું બોલીએ છીએ? અ.મુ. સદ્. શ્રી મુક્તાનંદ સ્વામીએ શું કહ્યું?

''રે શ્યામ તમે સાચું નાણું, બીજું સર્વે દુઃખદાયક જાણું,
રે શ્યામ તમે સાચું નાણું.''

કેવા સુંદર શબ્દો ! હે ભગવાન ! સાચું નાણું કહો કે સાચું સગું કહો તે તમે છો. તમારા વિના સર્વે બધું દુઃખનું દેનારું, દુઃખદાયક જ છે. વળી,


''રે તમ વિના સુખ સંપત કહાવે, તે તો સર્વે મહાદુઃખ ઉપજાવે,
અંતે એમાં કામ કોઈ ના'વે. રે શ્યામ તમે સાચું નાણું.''

હે દયાળુ ! તમારા વગર જે સુખ અને સંપત્તિ કહેવાય છે તે કેવી છે ? તો અનંત જન્મને ધરાવનાર, મહાદુઃખ ઉપજાવે એવી છે. હવે આ શબ્દો ઉપર એક ક્ષણ વાર વિચાર કરો. અને Ask thy self. પોતાની જાતને પૂછો કે જે મહાદુઃખદાયક છે એને માટે સવારથી સાંજ સુધી કેટલા પ્રયત્નો થાય છે અને જે મહાસુખદાયક છે, સાચું છે, અવિનાશી છે એના માટે કેટલા પ્રયત્નો થાય છે ? માટે ભાઈઓ, આ બધા શબ્દ અમલમાં ઉતારતા શીખવા. મહારાજ ને મોટાનો આગ્રહ તો એવો છે કે કોઈને દુઃખિયા રાખવા જ નથી. બધાને ભગવાનના સર્વોત્તમ સુખમાં જોડી દેવા છે. અને ક્યાં હતા ને કેવા કર્યા ? તેનો જો વિચાર કરીએ તોય દિવાના થઈ જવાય.

### મહોત્સવનો સાતમો દિન

તમામ દોષમાત્ર બળી જાય ને ગુણમાત્ર આવી જાય તેનો શું ઉપાય છે ? તે પ્રશ્નનો ઉત્તર કરતાં અ.મુ. સદ્. શ્રી વૃંદાવનદાસજી સ્વામીએ કહ્યું છે કે, જેમ સૂર્ય ઉદય થાય એટલે રાત્રિ તુરત ટળી જાય તેમ ભગવાન આવીને બિરાજમાન થાય એટલે દોષમાત્ર ટળી જાય અને ગુણમાત્ર આવીને નિવાસ કરે છે.

**દશાબ્દી મહોત્સવમાં ગુરુદેવ પ.પૂ. બાપજી અને વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીએ શ્રીહરિના મહાત્મ્યની, મૂર્તિના સુખની અપાર વાતો કરી એ વખતે સમગ્ર સમાજને સુખિયો કર્યો હતો અને આજે આપણે એ વાતોને વાગોળી ભર્યા થઈએ. અને એ વાતોને લક્ષ્યાર્થ કરી એમના અંતરનો રાજીપો કમાઈએ.**



## દરેક દિનના પ્રારંભે ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી રચિત ગુરુદેવ પ.પૂ. બાપજીના મહાત્મ્યના શ્લોકો

ગુરુદેવ પ.પૂ. બાપજી કોણ છે ? કેવા પરભાવી સ્વરૂપ છે ? શ્રીહરિના સંકલ્પથી આ બ્રહ્માંડમાં વિચરતા દિવ્ય સત્પુરુષ છે એવો યથાર્થ મહિમા ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી પહેલા જ દિવસથી જાણતા હતા. 'મોટાને તો મોટા જ ઓળખી શકે' તે ન્યાયે ગુરુજીએ પોતે તો ગુરુદેવના પરભાવી સ્વરૂપને ઓળખી તેમનું સેવન કર્યું પરંતુ અનંતને ગુરુદેવને વિષે દિવ્યભાવની દઢતા કરાવી હતી. એટલે જ ગુરુદેવ પ.પૂ. બાપજી સ્વમુખે કહેતા કે, "આ સ્વામી દિવ્યભાવ લઈને આવ્યો છે ને આખા સમાજને દિવ્યભાવ દઢ કરાવ્યો છે."

ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીએ ઈ.સ. ૧૯૮૦માં સંત દીક્ષા ગ્રહણ કરી એ વખતે ગુરુદેવ પાસે નહોતા કોઈ સાધુ, નહોતી મંદિરની આર્થિક સધ્ધરતા. તેમ છતાં ગુરુદેવ પ્રત્યે અનેરા દિવ્યભાવ અને અતિ દાસત્વભાવે વર્તતા. ગુરુદેવ પોતાનું સર્વસ્વ, સુખનું મૂળ, પોતાના પ્રાણથી પણ પ્યારા હતા અને આજે પણ છે. ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીએ દશાબ્દી વિશેષાંકમાં ૮ દિનની સભાના અહેવાલ પ્રારંભે લખેલ શ્લોક અને ગુરુદેવને સંબોધીને લખેલા લેખમાં ગુરુદેવ પ્રત્યેની અપાર અપ્રતિમ પરભાવી પ્રીતિ અને આત્મબુદ્ધિનાં દર્શન થાય છે.

### દિન-૧

સહસ્ત્ર દ્વિ કહું ત્રીસના, મધુ માસ શષ્ટમી દિને,
અનંત જીવ ઉદ્ધાર કારણ, બિરાજ્યા અહીં આવીને,
દશાબ્દીના આ પ્રથમ દિને, બ્રહ્મ-જપયજ્ઞો શરૂ થયા,
ધન્ય પ્રાણપ્રિય ઘનશ્યામજી, અમ દુઃખો સહુ વામી ગયાં.૦૧
કોટિ જીવ શિવ કરણ કારન, કહું કષ્ટ સ્વામી બહુ સહ્યાં,
અપમાન વિપત્તિ અનેક વેઠી, અહીં સ્થિર મોક્ષદાયી થયા,
સત્સંગીભૂષણ ગ્રંથ સુંદર, કથામૃતે પીરસાય છે,
મહંત મંગલાનંદ મિલને, દૃષ્ટિ બૃહદ દર્શાય છે.૦૨

**વિવરણ :** સંવત ૨૦૩૦ના ફાગણ વદ છઠના દિને અનંત જીવનો ઉદ્ધાર કરવા શ્રી ઘનશ્યામ મહાપ્રભુ અહીં બિરાજ્યા. દશાબ્દીના પ્રથમ દિને બ્રહ્મયજ્ઞો શરૂ થયા, અનંત જીવને અનાદિમુક્ત કરવા સ્વામીએ (ગુરુદેવ પ.પૂ. બાપજીએ) ઘણાં માન-અપમાનો સહ્યાં અને અનેક કષ્ટો વેઠી ઘનશ્યામનગર મંદિરમાં સ્થાયી થયા. સદ્‌ગુરુ સ્વામી દ્વારા સત્સંગીભૂષણ ગ્રંથ પર કથામૃતનો રસ પીરસી રહ્યા છે.

### દિન-૨

મહોત્સવ તણા કહું મુખ્ય દિને, દશ આરત ભક્ત ઉતારતા,




નિજ મુક્ત મંડળ સંગ માવો, દિવ્ય આહુતો સ્વીકારતા,
કેવળ ફદલ કલ્યાણ કારણ, જીવો કંઈ ફાવી ગયા,
ધન્ય પ્રાણપ્રિય ઘનશ્યામજી, અમ દુઃખો સહુ વામી ગયા.૦૧
સિદ્ધાંતવાદી સમર્થ સ્વામી, દેહધારી જીવો શું કરે ?
આપ અલમસ્ત ઉત્તમ સ્થિતિમાં, સદૈવ સુખ શાંતિ ઝરે,
અમૃતમય મહા દિવ્યવાણી, સુણી રામહર્ષદાસજી હરખાય છે,
નવનીત રૂડી રીતથી, સત્સંગ ઉત્કર્ષ થાય છે.૦૨

**વિવરણ :** મહોત્સવના બીજા અને મુખ્ય દિને ભક્તો દશ આરતી ઉતારે છે અને મહારાજ યજ્ઞની આહુતિઓ સ્વીકારે છે. જીવોના ફદલમાં કલ્યાણ કરવા ઉજવાયેલ આ મહોત્સવમાં અનંત જીવો ફાવી ગયા. હે સિદ્ધાંતવાદી સમર્થ સ્વામી દેહધારી જીવોની શું તાકાત કે આપને ઓળખી શકે ? આપ તો અલમસ્ત રીતે અનાદિમુક્તની સ્થિતિએ સદૈવ મૂર્તિસુખમાં રાચો છો. સદ્ગુરુ સ્વામીની દિવ્યવાણી સુણી સૌ હરખાય છે. સ્વામીની નવીન રીતથી સત્સંગનો ઉત્કર્ષ થાય છે.

### દિન-૩

ન્યાલ કરવા નગર જીવને, રવિ બાવીશે કહું નાથજી,
બિરાજ્યા ભવજળ નાવડે, સજી સાથ મુક્ત સમાજજી,
અઢળક ઢળ્યા ધણી આજ સહેજે, જેથી જીવો કંઈક તરી ગયા,
ધન્ય પ્રાણપ્રિય ઘનશ્યામજી, અમ દુઃખો સહુ વામી ગયાં.૦૧
અપાર ગુણો શ્રી હરિ તણા, (છતાં) સમરથ થકા જરણા કરો,
અમ પામર જીવો માટે જ સ્વામી, આયોજનો મોટાં ધરો,
વિશાળ દૃષ્ટિ કલ્યાણ કરતી, નૌકામાં ચહુ દિશ ફરે,
સાથે જ સુંદર સંતવૃંદ જે મૂર્તિરૂપ ચારો ચરે.૦૨

**વિવરણ :** તા. ૨૨-૪-૧૯૮૪ ને રવિવારના મંગલકારી દિને અનંત જીવોને ન્યાલ કરવા શ્રીહરિ ભવતારણ નૌકામાં બિરાજી મુક્ત મંડળ સહિત પધાર્યા. જેનાં દર્શનથી કંઈક જીવો તરી ગયા. શ્રીહરિના અનંત ગુણોના ધારક સદ્ગુરુ સ્વામી સમર્થ થકા જરણા કરે છે. આપણ સૌ કાજે સદ્ગુરુ સ્વામી મોટાં આયોજનો કરે છે. અનંત જીવોના મોક્ષ કરવા નૌકામાં સંત વૃંદ સાથે બિરાજી વિચરે છે ને પોતે તો મૂર્તિરૂપી ચારો ચરે છે.

### દિન-૪

આપ એક કિરણે અનંત અક્ષર, અજ્ઞેય સુખ માણી રહ્યા,
ભજતા વસુદેવ ભક્ત ભાવે, જેના મૂળપુરુષ સેવક કહ્યા,
એવા સર્વોપરી હરિ દિવ્ય સુખમાં, તવ કૃપાથી અમે ઠર્યા,
ધન્ય પ્રાણપ્રિય ઘનશ્યામજી, અમ દુઃખો સહુ વામી ગયા.૦૧
ચતુર્થ દિને ચિત્ત હરણી વાતો બાપાશ્રી તણી વંચાય છે,
એવી મર્મ ભરેલી વાત મોંઘી, સ્વામી થકી સમજાય છે,
તવ દર્શન કારણ મહાનુભાવો, ભાઈ ચીમન, ધીરુ હરિ આવિયા,
શિશુ તણી સુણી કથા સુંદર, મહાપ્રભુ અતિ પ્રસન્ન થયા.૦૨

**વિવરણ :** હે પ્રભુ ! આપના સર્વોપરી સ્વરૂપથી અજ્ઞાત એવા અનંત અક્ષર આપની એક કિરણનું સુખ માણી રહ્યાં છે. આ અક્ષરને અનંત ઈશ્વરકોટિ ભક્તભાવે ભજે છે. અને મૂળપુરુષ વાસુદેવના પણ સેવક છે. પણ અમને તો આપે કેવળ કૃપા કરીને સુખમાં રાખ્યાં છે. મહોત્સવના ચતુર્થ દિને સદ્ગુરુ સ્વામી થકી ચિત્તને હરી લે તેવી બાપાશ્રીની મર્મ ભરેલી વાતો સમજાય છે. શ્રીહરિ અને સદ્ગુરુ સ્વામીનાં દર્શને ચીમનભાઈ, ધીરુભાઈ અને હરિભાઈ જેવા મોટા મહાનુભાવો આવ્યા છે. અને બાળકો દ્વારા થયેલી બાળપારાયણથી મહારાજ અતિ રાજી થાય છે.

### દિન-૫

મનુષ્ય રૂપે વિચરી જ માવે, મખ ડભાણ જેતલપુરે કર્યા,
તેવા જ બાપાશ્રી તમે, કંઈ યજ્ઞો વૃષપુરમાં રચ્યા,
એવા જ અને એ જ દિવ્ય યજ્ઞ, આપ અહીં ઊજવી રહ્યા,
ધન્ય પ્રાણપ્રિય ઘનશ્યામજી, અમ દુઃખો સહુ વામી ગયાં.૦૧
કલ્યાણદાયક ખોલ્યું કેન્દ્ર, સ્વામી અદ્ભુત આ બહુ વાત છે,
નવ દૃષ્ટિ પહોંચે જીવો કેરી, એ પ્રભુ ઘરની વાત છે,
ઉત્તમ હરિ સિદ્ધાંત સહેજે, ચહુ દિશમાં પથરાય છે,
એવી દિવ્ય બાપાશ્રીની વાતો, પંચમ દિને વંચાય છે.૦૨

**વિવરણ :** મનુષ્ય રૂપે વિચરી શ્રીહરિએ ડભાણ, જેતપુરમાં યજ્ઞો કર્યા એમ જ બાપાશ્રીએ અનેક યજ્ઞો વૃષપુરમાં કર્યા. આજે એવા જ દિવ્ય યજ્ઞો શ્રીહરિ અહીં ઘનશ્યામનગરમાં ઊજવી



દશાબ્દીના આ પ્રથમ દિને, બ્રહ્મ-જપયજ્ઞો શરૂ થયા.

રહ્યા છે.

સદ્‌ગુરુ સ્વામીએ કલ્યાણદાયક ઘનશ્યામનગર કેન્દ્ર ખોલ્યું છે. જે કેન્દ્ર દ્વારા શ્રીહરિના સિદ્ધાંતો ચારેય દિશામાં પથરાઈ રહ્યા છે. શ્રીહરિના સિદ્ધાંતો જેમાં ભર્યા છે એવી બાપાશ્રીની વાતો પાંચમા દિને વંચાઈ રહી છે.

**દિન-૬**

દાદાતણા દરબાર માંહી, હરિ હેતે સભાને હેરતા,
નિત્ય, મુક્ત, ગોપાળમુનિવર, જેવા બેસીને રસ રેલતા,
એ સર્વે પ્રગટ છે આ સમે એ તવ કૃપાથી સમજી રહ્યા,
ધન્ય પ્રાણપ્રિય ઘનશ્યામજી, અમ દુઃખો સહુ વામી ગયાં.૦૧
એ અમૃતભરી રસલહાણીઓ, પાંચ નંદસંતોએ લખી,
પણ અટપટી ગૂઢ જ્ઞાનવાતો, કરી બાપાશ્રીએ સરખી,
એવી રહસ્યાર્થ ટીકા તણી વાતો, સૌ સ્વામી થકી સમજી રહ્યા,
તવ અનુભવ સિદ્ધ જ્ઞાન વાતે સહુ સંકલ્પો થંભી ગયા.૦૨

**વિવરણ :** દાદાખાચરના દરબારમાં શ્રીજીમહારાજ તથા મોટા મોટા નંદ સંતોની જે સભા થતી હતી આજે પણ એ જ સભા છે. કારણ કે એ સર્વે પ્રગટ છે. હે સ્વામી, આપની કૃપાથી અમને આ પ્રગટભાવની વાત સમજાઈ ગઈ છે. વળી, મોટેરા પાંચ નંદ સંતોએ શ્રીહરિની અમૃતમય વાતો લખી વચનામૃત ગ્રંથ તૈયાર કર્યો. વચનામૃતની એ અટપટી ગૂઢ જ્ઞાનવાતો બાપાશ્રીએ સરળ રીતે સમજાવી. અને આજે એ રહસ્યાર્થ ટીકાની જ્ઞાનવાતો સૌ સદ્‌ગુરુ સ્વામી (ગુરુદેવ પ.પૂ. બાપજી) થકી સમજી રહ્યાં છે. પરિણામે સૌના સંકલ્પ-વિકલ્પ થંભી ગયા છે.

**દિન-૭**

મનુષ્ય કે પ્રતિમા રૂપે માવો, સદાય ધામે શોભતા,
મહા દિવ્ય તેજોમય મૂર્તિ, તેમ બાપાશ્રી પણ ઓપતા,
મળ્યા નથી કે મળશે નહિ, જે પૂર્વે મોટા થઈ ગયા,
ધન્ય પ્રાણપ્રિય ઘનશ્યામજી, અમ દુઃખો સહુ વામી ગયાં.૦૧
હરિ મૂર્તિએ રાખણહાર સ્વામી, ધીર ગંભીરે શોભો ઘણું,
અમ પતિતજન પાવન કરણ, વહેતું દયાદ્ર ઝરણું,
દેહધારીઓ તવ અકળ લીલા, નથી લાગતું શકે કળી,
પણ બડભાગ્ય હું તો માનું છું, આપ પ્રાપ્તિ જો અમને મળી.૦૨

**વિવરણ :** મનુષ્ય રૂપે કે પ્રતિમા સ્વરૂપે શ્રીહરિ તો સદાય પરભાવમાં જ બિરાજે છે. જેવા શ્રીહરિ તેવા જ બાપાશ્રી. આવા પરભાવી સ્વરૂપો મોટા મોટાને મળ્યા ને જેમની પ્રાપ્તિ આપણને થઈ છે.

શ્રીહરિની મૂર્તિમાં રાખનારા સદ્‌ગુરુ સ્વામીની મુખમુદ્રા ધીર-ગંભીરપણે શોભે છે. અમ પતિતજનને પાવન કરવા સદ્‌ગુરુ સ્વામીનું દયાનું ઝરણું વહી રહ્યું છે. પણ દેહધારી આપની અકળ લીલાને કળી શકે તેમ લાગતું નથી. પણ આપે મુજ પર કૃપા કરી કે મને આપની પ્રાપ્તિ થઈ અને આપનું સ્વરૂપ ઓળખાઈ ગયું.

**દિન-૮**

અંતિમ દિને હરિ માગીએ, રાજી થઈ વર આપજો,
નથી આશ અંતર અન્યની, બસ દેહભાવ ટળાવજો,
નક્કર નિશ્ચય નાથ રાખી, દિવ્ય સુખ અમે યાચી રહ્યા,
ધન્ય પ્રાણપ્રિય ઘનશ્યામજી, અમ દુઃખો સહુ વામી ગયા.૦૧
દિવ્ય હરિગુણ ઢાંકી દયાથી, અઢળક ઢળ્યા કેવા તમે,
ક્યાં શ્રીજીબાપા ને ક્યાં અમે, પણ મિલન કરાવ્યું આ સમે,
માયા તણાં મહાદુઃખ સહતા આજ ધન્ય દિવ્ય સુખ સ્થાપિયા,
એવા કલ્યાણ કર્તલ આપ સ્વામી, બડભાગ્ય ઉજ્જવળ જાગિયા.૦૨

**વિવરણ :** હે સદ્‌ગુરુ સ્વામી, અંતિમ દિને હરિ પાસે માંગીએ છીએ, બીજી કોઈ આશા અંતરે નથી. બસ, રાજી થઈ દેહભાવ ટળાવજો. હે નાથ, અમે આપનો નક્કર નિશ્ચય રાખી મૂર્તિનું સુખ માગી રહ્યા છીએ. આપ હરિગુણને ઢાંકી અમ સૌ સાથે રહો છો. ક્યાં મહારાજ, બાપા અને આપ અને ક્યાં અમે ! છતાં આપે અમારું આ પરભાવી સ્વરૂપ સાથે મિલન કરાવી આપ્યું. અનાદિકાળથી માયાનું દુઃખ સહેતા અમને આજે આપે દિવ્ય મૂર્તિના સુખમાં રાખી દીધા. કલ્યાણના કર્તલ એવા સ્વામી આપ અમને મળ્યા એ જ અમારી પરની અનહદ કરુણા છે.

**ગુરુજી રચિત જોધા ભરવાડના પ્રસંગનું પદ્ય પદ**

**'પરાણે હથેળીમાં એ લીધો, દૂધપાકનો ઘૂટ જ્યાં પીધો;**
**નાખો નાખો કહ્યું કામ ધરી, લીધો સાત વાર પેટ ભરી.**
**અરે સાધુ તમે મને રોજ, છાશ આપીને છેતરો છો જ;**
**કરી આપશો નિત્ય જો આવું, તો જ ગૌધણ લઈને જાવું.'**

# ખમાતું નથી... પમાતું નથી... રહેવાતું નથી... !!!

ગુરુજી રચિત નીચેની પંક્તિઓમાં ગુરુદેવ પ.પૂ. બાપજી પરત્વેની ગુરુજીની પ્રીતિ તથા પરભાવી મહિમા છલકાય છે. ગુરુજી પોતે સમર્થ હોવા છતાં ગુરુ સાથે કેવી પ્રીતિ હોવી જોઈએ ? ગુરુ આગળ કેવા દાસભાવે-રાંકભાવે વર્તવું જોઈએ ? ગુરુમાં કેવા સમાઈને વર્તવું જોઈએ ? તેની અદ્ભુત પ્રેરણા આ પત્રમાંથી મળે છે :

આપે જે આપ્યું છે પ્યાર,
દેહભાવને યોગે કરી
તે
ખમાતું નથી !
કોટિ સાધને કે દાખડે કરીને
એ
પમાતું નથી !
પરિણામે,
પામેલી પ્રાપ્તિના કેફમાં
અન્યને કહ્યા વગર
અંતે
રહેવાતું નથી !
જોકે...
એ અલૌકિક હૂંફાળું સુખડું,
આ મુખે કરી,
કહ્યું
કહેવાતું નથી !!!
પણ...
જ્યારે,
ખમાતું નથી, પમાતું નથી, રહેવાતું નથી કે
કહેવાનું છે તે કહેવાતું નથી
અને છતાં...
કહીએ છીએ ત્યારે
જગતને
મનાતું નથી !!!

હે મારા પ્યારા સ્વામીન્ ! શ્રીજીને સમજાવનાર, બાપાશ્રીને ઓળખાવનાર, દિવ્ય સુખને પમાડનાર હે સ્વામીન્... 'હું' શબ્દરૂપી અજ્ઞાનમાં અટવાયેલો તમારો સદાયનો ગાંડોઘેલો અને અણસમજુ સેવક આપને રીઝવવા ક્યાં પાત્ર હતો ? પણ... કુપાત્રને પાત્ર કરવાની આપની પરભાવમાંથી લાવેલી અલૌકિક કળામાં આ સેવક ફાવી ગયો. પરિણામે દુન્યવી દુઃખોને વામી ગયો ને શ્રીજીના નવલા સુખોને પામી ગયો અને સ્વામીન્... આ તો સહેજમાં કૃપા થઈ ગઈ અને વર્ષો જૂના અર્થાત્ જન્મથી ચાલતા સેવક-દાસ-સાધુ થવાના સંકલ્પને આપ જાણી ગયા... પિછાની ગયા... અને શ્રીજીબાપાને જે નિત્ય પ્રાર્થના કરતો તેને આપ સાંભળી ગયા અને "આવી જા... આવી જા... સદાય અમારો થઈને આવી જા... ઘણાં કામ કરવા છે માટે હવે જલદી આવી જા." એ આદેશને હર્ષભેર સ્વીકારી લેવાનું... તેને અનુસરવાનું... જે બળ આપ્યું તે વાત તો અકથ્ય છે... સ્વામી... એ બિચારા... બાપડાને આપે અનુપમ શરણે લઈ પણ લીધો. વાહ ! મારા સ્વામીન્... વાહ ! શું આટલી બધી અનહદ કૃપા મુજ પર કરતા આપને ખચકાટ પણ ન થયો ? ના... ના... ક્યાંથી થાય ? ન જ થાય. કારણ કે... દયાળુ દયા ન કરે... કૃપાળુ કૃપા ન કરે તો બીજું અન્ય કોણ કરે ? બાકી હે સ્વામીન્... આ શ્યામ ઘનશ્યામ પ્રભુ, આ જીવનપ્રાણ બાપાશ્રી, આ દિવ્ય કારણ સત્સંગ તથા આપનું ધીર-ગંભીર, સૌમ્ય સ્વરૂપ મુજ પામર સુધી હોય પણ ક્યાંથી ? આ કીડી-કુંજરનો મેળાપ મને ક્યાંથી ? પણ કેવળ કૃપા... ધણીની કેવળ કૃપા !

વળી હે દયાળુ ! આપે આ સેવકો માટે, અમારા માટે... કેટકેટલાં કષ્ટો સહ્યાં...! કેટલાં અપમાનો સહ્યાં ! કેવા કેવા થાંભલા જેવા જીવોને આપ બાથ ભીડીને રહ્યા ! આ બધું કોના માટે ? આપ તો સ્વામી, સદાય શ્રીજીસુખના ભોક્તા જ છો. પણ અન્યને એ સુખ પમાડવા આપની કેટલી બધી વિશાળ દિવ્ય અમીદૃષ્ટિ ! મોટાની સાથે મોટા... નાના સાથે નાના... બાળક સાથે બાળક... ભણેલા સાથે ભણેલા... જ્ઞાની સાથે જ્ઞાની... ધ્યાની સાથે ધ્યાની આ તે આપની કેવી અકળ કળા ! અમારાથી એ કળાતી નથી, સ્વામી, અમારી એ ગતિ નથી.

બિચારા... માયામય થયેલા જીવોને કાળ, કર્મ ને માયાના બંધનથી મુક્ત કરી શ્રીજીમહારાજના અનુપમ સુખમાં જોડવાનો કેટલો બધો આગ્રહ કે રાત-દિવસના ભેદ કે ટાઢ-તડકા ને ઉજાગરાનાં બંધનો આપ દિવ્ય મૂર્તિ સુધી આવવાની હિંમત ક્યારેય કરી શક્યા જ નથી. આપે આજ સુધી મોટા મોટા સમૈયા કર્યા... પારાયણો યોજી... શ્રીજીમહારાજનો ભવ્ય દ્વિ-શતાબ્દી મહોત્સવ ઊજવ્યો અને આ ફેરે તો હે સમર્થ સ્વામી... આ દશાબ્દી મહોત્સવમાં તો આપે કેવળ કૃપાના ખાંગા જ કર્યા. તેમાં સેવા કરનારાએ ઘણી કરી છે. નાના-મોટા, આબાલ વૃદ્ધ સૌને જે તે રીતે તનથી, મનથી કે ધનથી સેવા કરવાનો લાભ તો આપ્યો જ છે. પણ છતાં બધાના ફળરૂપ આપે જે આપ્યું છે... તેના બદલામાં અમે તો કાંઈ આપી શકીએ તેમ જ નથી.

વળી, અમારામાં ઘર કરી ગયેલા અનાદિકાળના દોષોને, ક્ષતિ-ત્રુટિઓને, સ્વભાવોને આપ ક્યારેય અંતર્યામિપણે જણાવી, તેને ટળાવવા ક્યારેક રમત-ગમતથી, ક્યારેક જ્ઞાન-ઉપદેશથી તો ક્યારેક વઢી-વખાણી તે દોષોને ટળાવો છો. તેમાં આપને કઈ ગરજ ! પણ તમારા જેવા શ્રીજી સુખભોક્તા અમને કરવા છે એ જ આપનો અનેરો આગ્રહ છે ! અમ જેવા તો સ્વામી તમને અનેક છે પણ છતાં એક એક માટે આટલો આગ્રહ કેમ ? તો કેવળ દયા... અન્ય કાંઈ નહીં.

ટૂંકમાં, હે સ્વામીન્ ! વધુ બોલ્યું બોલાતું નથી. કારણ... તમારી અલૌકિક મોટપને પામવા અમારી પાસે એકેય શબ્દેય નથી. શ્રીજીસુખમાં જોડાતા અને જોડતા તો મોટા મોટા ઘણા હશે. પણ અમારે મન તો સ્વામી અતિ મોટા છે ! તો સ્વામી, અમને અન્ય કોઈ નંદસંતો કે મોટા મોટા સદ્‌ગુરુઓનાં દર્શન માટે નિરાશા નથી. 'અરેરે... આપણે રહી ગયા... થોડા મોડા પડ્યા... મોટા મોટા સંતો ચાલ્યા ગયા... એ હોત તો દર્શન-સમાગમનું કેવું સુખ આવત ?' આ બધા ભાવો હવે તો હે બાપજી ! તમારાં દર્શનમાં લય પામી જાય છે.

એક જ આશા છે... એક જ ઝંખના છે કે બસ... હવે તો અમારા સર્વે ઠરાવ મૂકીને, દેહભાવ ટાળીને આપશ્રી જ્યાં રહ્યા છો અને જે સાથે સંલગ્ન છો એવા પ્રાણપ્યારા ઘનશ્યામ મહાપ્રભુના અનહદ સુખમાં જ રાચવું છે. એ જ પામવું છે અને એ જ માણવું છે. તો હે દયાળુ ! અમને તમે આ દશાબ્દીએ બસ એ જ આપો. અમારી આ તીવ્ર ઝંખનાને જલદી વિરામ પમાડો... હે સ્વામી ! જલદી વિરામ પમાડો !!

# સંતો-હરિભક્તોના અભિપ્રાય

ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીના જીવનમાં પ્રથમ દિવસથી જ ગુરુદેવ પરત્વે આવા અહો અહોભાવનાં દર્શન થતાં. ઘનશ્યામનગર દશાબ્દી પ્રસંગે અનેકાનેક સંતો-હરિભક્તોને ગુરુદેવ પ.પૂ. બાપજીની પરભાવી મોટપ, સામર્થ્ય, દિવ્ય સાંનિધ્યના અનુભવ થયા હતા. પરંતુ તેઓ પોતાના સ્વાનુભવને શબ્દમાં વર્ણવી શકતા પણ ન હતા. તેઓએ આ સંતો-હરિભક્તોના અંતરમાં મહારાજ અને ગુરુદેવ પ.પૂ. બાપજીને વિષે રહેલા મહાત્મ્યને કલમ આપી છે. વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીએ આ સંતો-હરિભક્તો વતી મહારાજ અને ગુરુદેવનો મહિમા ઘનશ્યામ અંકમાં કંડાર્યો છે. અને જે તે સંતો-હરિભક્તોના નામે આ લેખો પ્રકાશિત થયા છે. પૂર્વેથી જ ગુરુજી ગુરુદેવ પ.પૂ. બાપજીમાં તો અસ્તિત્વનો પ્રલય કરીને વર્ત્યા છે પણ સમગ્ર સંતો-હરિભક્તો આગળ પણ પોતે અસ્તિત્વનો પ્રલય કરીને જ વર્ત્યા છે.

અત્રે ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીએ સંતો-હરિભક્તોના નામથી દશાબ્દી મહોત્સવ ઉપક્રમે જે લેખો લખ્યા છે તેના કેટલાક અંશો માણી દિવ્ય સ્મૃતિમાં ગરકાવ થઈએ.

**Dashabdi - For the salvation of Thousands**

We have been blessed with a great saint who is none other than our honourable Anadimukta H.H. Sadguru Swami Shri Devnandandasji (Gurudev Bapji). He has helped us identify the Supremacy of Lord Swaminarayan and the state of an Anadimukta. This is a great miracle !

- પૂ. ભક્તવત્સલદાસજી

**હું તો ખાલી ખોખું છું...**

શ્રીજીમહારાજે વચનામૃતમાં જેમ કહ્યું કે ભગવાનના મોટા સંત જેની પર રાજી થાય તેનું પ્રારબ્ધ ફેરવી નાખી રંકમાંથી રાજા કરી નાખે છે. એમ ગુરુદેવ પ.પૂ. બાપજી આ સેવક પર (પૂ. મોટાસ્વામી પર) રાજી થયા અને મને પોતાનો કર્યો. કીડીમાંથી કુંજર કર્યા એટલે કે માયાના પાશમાંથી મુકાવી મુક્ત કર્યા. આ મારી પર કરેલા ઉપકાર સામું જોઈએ તો એનો બદલો કેમેય કરીને વળે એવો નથી. ક્યારેક એમ વિચાર થાય કે કોઈ મોટી મિલના શેઠ જેમ કે કસ્તૂરભાઈ લાલભાઈ એક સામાન્ય મિલમજૂરની પાસે બેસીને વાતો કરે, હસે-બોલે અને એથીય વધુ આગળ જઈ પોતાના ઘરમાં રાખી તેની સાથે જમે-રમે ને આનંદ કરે તો બિચારાને કેટલો બધો આનંદ થાય ! અહોપણું વર્તે ! તો આ તો અનંતકોટિ બ્રહ્માંડના અધિપતિ શ્રી સ્વામિનારાયણ ભગવાન તથા તેમના અખંડ સુખના ભોક્તા તથા અનંતકોટિ બ્રહ્માંડોને હથેળીમાં જળનું ટીપું દેખે તેમ દેખી શકે એવા સમર્થ ગુરુ પ.પૂ. બાપજીના સાંનિધ્યમાં મને સદાય તેમના શિષ્ય થઈને રહેવાનો લાભ મળ્યો તે મારી પર કેટલી બધી અઢળક કૃપા !!

- પૂ. નિર્દોષજીવનદાસજી સ્વામી (પૂ. મોટાસ્વામી)

**આટલામાં કેમ પતે ?...**

આ સ્થાનમાં કોઈ પણ જાતની વાદ-વિવાદની તથા અન્ય સંપ્રદાયો કે સંસ્થાની ટીકા કે ચર્ચા કરવામાં આવતી નથી. અહીં તો સતત અને હંમેશાં જો કોઈ વાતો થતી હોય તો તે શ્રી સ્વામિનારાયણ ભગવાનની અને તેમના સર્વોત્તમ સિદ્ધાંતોની... ખરેખર પ.પૂ. સ્વામીશ્રી (ગુરુદેવ પ.પૂ. બાપજી) પાસેથી જે જ્ઞાન અને સત્સંગની સાચી સમજણ મળે છે તે અન્ય સ્થળેથી મળવી દુર્લભ છે... પ.પૂ. સ્વામીશ્રીના (ગુરુદેવ પ.પૂ. બાપજીના) સંપર્કમાં અને તેમના શિષ્ય તરીકે તો માત્ર સાચા સહજાનંદી સિંહ જ રહી શકે. કારણ કે આજ્ઞા-ઉપાસના, નિયમો, વ્યસનમુક્તિ વગેરેનું કડક રીતે પાલન કરવું જ પડે છે. પ.પૂ. સ્વામીશ્રીના (ગુરુદેવ પ.પૂ. બાપજીના) વાણી ને વર્તન સરખા છે. આવા સંતોના સમાગમમાં આવવું અને તેમની સાથે આત્મબુદ્ધિ કરવી એ જીવનનું મોટું ભાગ્ય સમજાય છે.

- રતિભાઈ ટી. કાછિયા

### શાસ્ત્રીઓની-પુરાણીઓની શી ગતિ ?

મારા અહોભાગ્ય કે નાનપણથી પ.પૂ. બાપજીના એવા હૂંફાળા જોગનો મને શ્રીજીમહારાજે દયા કરીને લાભ આપ્યો. નાનપણથી ખાજાં જ ખવડાવ્યાં કે જેથી મોથ્ય ખાવાનો વારો તો ક્યારેય આવ્યો જ નહિ ને ધણીની દયાથી હવે આવશે પણ નહીં. નાના નાના બાળકોને પણ નાનપણથી આ સર્વોપરી જ્ઞાન અને અન્વય-વ્યતિરેકપણું આદિક શ્રીજીમહારાજના સિદ્ધાંતો સમજાવી દેનારા પ. પૂ. બાપજીનો લાભ મને એ અવસ્થાથી જ મળ્યો. મંદિરમાં આવીએ, દર્શન કરીએ, બાપજી પાસે જઈએ અને અનેરા પ્રેમથી પ. પૂ. બાપજી અમને પૂછે કે, “બોલ તારું નામ શું ?” ભલે એ વખતે બહુ લાંબી ખબર નહિ પણ જીવમાંથી શબ્દો જ એ નીકળી જાય કે, “અનાદિમુક્ત.” વળી પાછા બાપજી પૂછે કે, “અનાદિમુક્ત ક્યાં રહે ?” તો કહીએ કે, “સ્વામિનારાયણ ભગવાનની મૂર્તિમાં.” કેવી તાલીમ ! ભલે અનાદિમુક્ત શું તત્ત્વ છે તેની ખબર નહોતી. પણ ગળથૂથીમાં અમારું નામ અનાદિમુક્ત ને ભગવાનની મૂર્તિમાં રહીએ છીએ એવું તો નક્કી કરાવી દીધેલું.

- જગદીશભાઈ રામાણી

### સો કરોડ મનવારો ભરવી છે...

સ્વામીશ્રીના જોગ-સમાગમથી મારામાં ઘણો જ ફેરફાર થયેલો હું જોઈ શકું છું. સ્વામીશ્રીના જોગમાં આવ્યા પછીથી નાટક, સિનેમા, હોટલ, બજારનું ખાવાનું બધું છોડી દીધું છે. વળી, સ્વામિનારાયણ ભગવાનના સર્વોપરીપણાનો જીવમાંથી નિશ્ચય થયો છે. પંચવિષયનો જીવમાંથી રાગ ટળી ગયો છે. પંચવિષયનો સંકલ્પ પણ થતો નથી. અને ભૂંડું સ્વપ્ન પણ આવતું નથી તે સ્વામીશ્રીના રાજીપાનું જ પરિણામ છે.

- સાગરદાનભાઈ સ્વામિનારાયણ

### સ્વામી સાચા સંત છે...

જામનગર તાલુકાના સંચાણા ગામના કવિરાજ જબરદાન ચકુભાઈ આપણા શ્રી નરેન્દ્રભાઈ સહજાનંદીના મામા થાય. તેઓએ ગુરુદેવ પ. પૂ. બાપજીના જોગમાં આવતાં, તેઓશ્રીના દિવ્ય ગુણોથી પ્રભાવિત થઈ પોતાની કવિત્વ શક્તિમાં તેને વણવાનો પ્રયત્ન કર્યો છે.

**છંદ હરિગીત**

શ્રી હરિ સુભગ સ્મરણ, કરી નિત કલ્યાણ કર, વાસના ક્ષય, હરિ, વિરતી, શુદ્ધ કંચન સમીસર.<br>
મદ મોહ મત્સરે નહિ મનમાં, ત્યાગના ઉર તંત છે, એ દિવ્ય મૂર્તિ દેવનંદન, સ્વામી સાચા સંત છે.

**-: ભાવાર્થ :-**

કલ્યાણને કરનારું, શ્રીહરિનું સુભગ (ઉત્તમ) જે સ્મરણ કરે છે, અને એ સ્મરણના બળ થકી જેણે વાસનાઓનો ક્ષય (નાશ) કરી વૃત્તિને શુદ્ધ કંચન સમી, મેલ રહિત બનાવી દીધી છે. તેમજ જેના હૃદયમાં ક્યારેય મદ, મોહ, મત્સરનો પડછાયો પણ પડતો નથી. અને અંતરમાં ત્યાગનો અખંડ તાર બંધાયેલો દેખાય છે, એ દિવ્ય મૂર્તિ પ.પૂ. દેવનંદનસ્વામીને સાચા સંત તરીકે હું નિહાળી રહ્યો છું.

આસક્તિ કે ઉર અનાસક્તિ, હૃદયમાં રાખી નથી, વિરક્તિ વાળી વૃત્તિના, મહા સમરથ મહારથી.<br>
ગુણવાન જ્ઞાનની ખાણ કહીએ, દૃઢ મતિમાં દિગંત છે, એ દિવ્ય મૂર્તિ દેવનંદન, સ્વામી સાચા સંત છે.

-: ભાવાર્થ :-

વળી તેમના પૂર્ણ પવિત્ર હૃદયમાં આસક્તિ કે અનાસક્તિને સ્થાન આપ્યું જ નથી, કેવળ વિરક્ત ભાવ જ કેળવ્યો છે. ત્યાગ મેદાનના આ મહારથી, સાચા સંતોના ગુણવાળા તેમજ જ્ઞાનની અગાધ ખાણ જેવા અને દઢતામાં દિશાઓને છેડે દિંગત હાથી સમા અલમસ્ત, શ્રીજીસુખના ભોક્તા આ દિવ્ય મૂર્તિ પ.પૂ. દેવનંદનસ્વામીશ્રી મારા દિલથી તેમજ દષ્ટિથી સાચા સંત છે.

જલજ જેવું નિત્ય જીવન, એહનું ઓપી રહ્યું, દુરમતિ સામે સિંહ ડાકર, કરિને કોપી રહ્યું.
શીતળ અતિ શશીયર સમા, ને ગુંજમાં ગુણવંત છે, એ દિવ્ય મૂર્તિ દેવનંદન, સ્વામી સાચા સંત છે.

-: ભાવાર્થ :-

જેનું જીવન જલજ (કમળ) જેવું અહોનિશ ઓપી રહ્યું છે. તેમજ દુરમતિવાળા તરફ તેનો પ્રભાવ સાચા સિંહ સમો છે એટલે સત્યનો ઉપદેશ કરતી વખતે સિંહ ગર્જનાની જેમ અન્યના દોષમાત્રને દબાવી દે છે. એવા ગુંજ નામ જ્ઞાન ચર્ચામાં અતિ ગુણવાળા અને શીતળ ચંદ્ર સમાન ગુણવાળા આ દિવ્ય મૂર્તિ સમા પ.પૂ. દેવનંદનસ્વામીશ્રી ખરેખર સાચા સંત છે.

ધવળ ગંગા ધોધ સરખી, જુઓ વાણી જેહની, પરિતાપવાળા પામતાં, જેમ મંડધારા મેહની.
જબ્બર, અમૃત સમી જિહ્વા, આકર્ષક અત્યંત છે, એ દિવ્ય મૂર્તિ દેવનંદન, સ્વામી સાચા સંત છે.

-: ભાવાર્થ :-

ધવળ નામ ઉજળી ગંગાની ધારા જેવી જેની વિમળ વાણીનો ધોધ વહેતો હોય ત્યારે ત્રણે તાપથી તપેલા જીવાત્મા જેમ જેઠ મહિનાના અસહ્ય તાપમાં તપેલો દેહ અષાઢ મહિનાની મેઘ ધારા મેળવી જે શાંતિ અનુભવે છે તેથી પણ વધુ અતુલિત શાંતિ અનુભવે છે. તદુપરાંત કવિ જબર કહે છે કે જેની અમૃત જેવી મીઠી વાણીનું આકર્ષણ પણ અત્યંત છે એવા ભગવાનના અખંડ સંબંધવાળા દિવ્ય મૂર્તિ પ.પૂ. દેવનંદનસ્વામીશ્રી સાચા સત્પુરુષ કહેતાં સંતને મારા હૃદયની અનેક વંદનાઓ અર્પી અત્રે વિરમું છું.

**દોહો**

"જુગલ પાણ બંધી જબ્બર, વિનવત હૈ ગુણવંત, કાવ્ય કુસુમ કી માલયે, સ્વીકારી જે સંત."

-: ભાવાર્થ :-

કવિ જબ્બર બે જુગલ કહેતાં હાથ જોડી આ અતિ ગુણવાળા પ.પૂ. બાપજીને વિનવે છે કે, મારી પાસે આપને આરોપવા ફૂલ માળા તો છે નહિ પણ મારા કાવ્ય કુસુમની આ માળા સ્વીકારો.

- કવિરાજ જબરદાન ચકુભાઈ, મુ. સંચાણા

**દુર્લભ થયું સુલભ**

ભલે તમે વ્યવહારમાં હોય કે ત્યાગાશ્રમમાં હો પણ અખંડ ભગવાનના સંબંધથી ભર્યા રહો તે વાતની બરાબર દૃઢતા કરાવવાનો જ પ.પૂ. બાપજીનો સદાયનો એકામાત્ર આગ્રહ છે અને તે માટે જ મોટા મોટા સમૈયા ને પારાયણોનું આયોજન હોય છે. એ જ હેતુથી આ ભવ્ય દશાબ્દી મહોત્સવ ઊજવાઈ ગયો. આવો મહોત્સવ ઊજવાશે એવો તો અમને સ્વનેય ખ્યાલ નહોતો. જોકે મોટા તો બધું જાણતા જ હોય. આ તો પ.પૂ. બાપજીનું પ્રથમથી જ બધું પ્લાનિંગ હતું.

- મનસુખભાઈ એચ.પટેલ



મહોત્સવના કારણ, હેતુ અને રહસ્ય મોટાપુરુષની કરુણાનિકેતનતા છે.

# એસ.એમ.વી.એસ. ઇતિહાસના પ્રથમ પૃષ્ઠ તથા આદ્યસ્થાન ઘનશ્યામનગર મંદિરનો સુવર્ણ જયંતી ઉત્સવ




"સુવર્ણ જયંતી આજે ઊજવાય, ગાથા આદ્ય મંદિરની;
દસે દિશે જયજયકાર થાય, ગાથા આદ્ય મંદિરની."

તા. ૨૦-૧૦-૨૦૨૪ના દિને SMVS સંસ્થાના આદ્યસ્થાન સમા ઘનશ્યામનગર મંદિરનો સુવર્ણ જયંતી ઉત્સવ અસ્મિતા સાગરમાં હીંસોરા મારતાં મારતાં ઊજવાઈ ગયો. આ સુવર્ણ જયંતી ઉત્સવે પાટોત્સવ, ભવ્ય અન્નકૂટોત્સવ, છાબયાત્રા, સુવર્ણ તુલા, અસ્મિતાયાત્રા, અસ્મિતા ઉત્સવ આદિક કાર્યક્રમોની શૃંખલા દ્વારા હજારો હરિભક્તોએ ઐતિહાસિક પળોના સાક્ષી બની, અલૌકિક આનંદોત્સવની અનુભૂતિ કરી હતી. આવો, 'મૂળસ્થાન'ની ગૌરવગાથા સમા આ સુવર્ણ જયંતી ઉત્સવની સ્મૃતિઓનું યત્કિંચિત્ આચમન કરીએ...





**કારણપ્રધાન સાધનાની અહાલેક**

ગુરુદેવ-ગુરુજીના સંકલ્પે કારણ સત્સંગના ઉત્સવમાં કાર્ય કરતાં કારણની પ્રધાનતા વિશેષ હોવી જોઈએ. એ ન્યાયે ગુરુજીના સંકલ્પથી તથા પૂ. સંતોના માર્ગદર્શને ઘનશ્યામનગરના સમાજ દ્વારા કારણપ્રધાન ભજન-ભક્તિ સાધનાની અહાલેક જગાવવામાં આવી હતી. જેમાં ૧,૩૫,૪૧૮ માળા, ૧,૬૧,૪૭૨ પ્રદક્ષિણા, ૩,૩૫,૫૪૭ દંડવત-પંચાંગ પ્રણામ, ૨,૯૦૮ કલાકની ધ્યાન કુટિર, ૪૭૯ કલાકની ધૂન, ૭,૦૩૪ કલાકના નકોરડા ઉપવાસ, ૨૫,૩૫૦ કલાક સોશિયલ મિડિયાનો ત્યાગ, ૩૨૧૫ મોટાપુરુષના દિવ્યાનુભવ પ્રસંગનું વાંચન, ૩૨૩ બાપાશ્રીની વાતોની પારાયણ, ૧,૦૨૪ કલાકનું મૌન, ૧૮૩ કલાકનાં એકટાણાં, ૧૪૫૫ સમૂહયજ્ઞ, ૧૧૩૮ ફરતાં યજ્ઞ તથા સ્વામિનારાયણ મહામંત્ર જાપ કરવામાં આવ્યા હતા. આ હજારો કલાકની સાધના કેવળ મહારાજ, ગુરુદેવ તથા ગુરુજીને રાજી કરવા ને કારણપ્રધાનતા સભર સુવર્ણ જયંતી ઉત્સવ ઊજવવા માટે કરવામાં આવી હતી. વળી, વ્હાલા ગુરુજીની આજ્ઞાથી સુવર્ણ જયંતી ઉત્સવ નિમિત્તે સત્સંગમાં નવા જોડાયેલા ૫૦૦ હરિભક્તોને ત્યાં પૂ. સંતો તથા પૂ. ત્યાગી મહિલામુક્તોએ પધરામણી કરી હતી. આમ, મોટાપુરુષની અનુવૃત્તિપૂર્ણ આ ઉત્સવ ઊજવાય એવો તમામ સંતો-ભક્તોનો પ્રયાસ હતો.

**છાબયાત્રા**

તા. ૨૦-૧૦-૨૦૨૪ની મંગલ પ્રભાતે ઘનશ્યામનગરના હરિભક્તોના હૈયામાં અવર્ણનીય આનંદનો ઓઘ વર્તતો હતો. સવારે ૬:૫૫ વાગે પૂ. સંતોએ છાબયાત્રાના યજમાન પ.ભ. રાજુભાઈ ચંદુભાઈ પટેલના નિવાસસ્થાને પધારી છાબયાત્રાને શોભાવતા ઘનશ્યામ મહાપ્રભુની આરતી કરી છાબયાત્રાનો પ્રારંભ કરાવ્યો હતો. અંદાજિત ૧.૫ કિ.મી.ના વિસ્તારને આવરતી છાબયાત્રા પાલખીમાં બિરાજેલ ઘનશ્યામ મહાપ્રભુ, ધ્વજ લહેરાવતા બાળમુક્તો, પૂ. સંતો, છાબ લઈને ચાલતા યજમાનો તથા હજારો ભક્તોથી શોભાયમાન હતી. છાબયાત્રાના સમાપને હરિકૃષ્ણ મહારાજ સાથે ગુરુજીના આગમને સૌ ભક્તોને પ્રસન્ન કરી દીધા હતા. આ ક્ષણે ગુરુજીએ સૌને દર્શનદાન આપ્યાં તથા તેઓએ સુવર્ણ જયંતી ઉત્સવના ઉદ્‌ઘોષના પ્રતીક રૂપે ફુગ્ગાઓ નહિ પણ સંકલ્પ ગુચ્છ હવામાં છોડ્યા હતા. વળી, હરિકૃષ્ણ મહારાજ સાથે ગુરુજીએ મંદિરના પરિસરે ઊભા રહી સૌને દર્શન આપી, સુવર્ણ જયંતી ઉત્સવ ધ્વજ લહેરાવી સૌમાં ગૌરવનો સંચાર કર્યો હતો.

**પાટોત્સવ**

પાટોત્સવના પ્રારંભે ગુરુજીએ સર્વોપરી ઉપાસનાના પ્રવર્તન હેતુ ‘ભગવાન સ્વામિનારાયણના મંદિરમાં સ્વામિનારાયણ












ભગવાન તથા તેમના મુક્તોના સ્વરૂપ પધરાવાય' એ સંકલ્પનો ક્રાંતિકારી પ્રારંભ ગુરુદેવે ઘનશ્યામનગર મંદિરથી કર્યો હતો એની ઐતિહાસિક પુષ્ટિ આપી હતી. ત્યારબાદ મહાપૂજા વિધિ તથા પાટોત્સવ વિધિ થયો. ત્યારે કારણ પ્રધાનતાને અનુમોદન આપતાં ગુરુજીએ જણાવ્યું, “મહારાજ પોતાની મૂર્તિ આપવાને અહીં બિરાજ્યા છે. મહારાજ કહે છે, પચાસ વર્ષ પૂરાં થયાં; હવે તો આપણે પરભાવના આગ્રહી થઈએ.” ત્યારબાદ ગુરુજીએ સમૂહ પ્રાર્થના કરાવી, સંકલ્પાત્મક આશીર્વર્ષા કરી કે, “આજના દિને આપનાં જે જે દર્શન કરે, સાંજે પ્રસાદ લે તે બધાયને રંચમાત્ર કંઈ પણ બાકી ન રહેવા દેશો.” ત્યારબાદ રાજોપચાર વિધિમાં પૂ. સંતોએ ગર્ભગૃહમાં તથા યજમાન ભક્તોએ પ્રતીક મૂર્તિ સમક્ષ ભિન્ન ઉપચારનો લાભ લીધો. સુવર્ણ ઉત્સવ અન્વયે ઘનશ્યામનગર મંદિરના દર્શન વિભાગમાં કલાત્મક કાષ્ઠની કોતરણીયુક્ત ફ્રેમમાં ગુરુદેવની મૂર્તિ તથા આસન પર ગુરુજીની મૂર્તિ પધરાવવામાં આવી હતી. ગુરુજી પણ મહારાજના સેવા-ઉપચારનો લાભ લઈ મહાપ્રભુને ભેટ્યા. ત્યારબાદ પાટોત્સવની આરતીનો લાભ લઈ યજમાન હરિભક્તો કૃતાર્થ બન્યા. પાટોત્સવ નિમિત્તે સમૂહઆરતીનો લાભ પુરુષ-મહિલા ભક્તોએ અનુક્રમે લીધો હતો.

ઘનશ્યામનગર મંદિર સુવર્ણ જયંતી ઉત્સવ અન્વયે પાટોત્સવમાં ઘનશ્યામ મહારાજ, અબજીબાપાશ્રી, સદ્‌ગુરુશ્રીઓ તથા ગુરુદેવને રીઝવવા એમની સમક્ષ મિષ્ટાન્ન, ફરસાણ, સૂકા મેવા, મુખવાસ તેમજ વિવિધ વાનગીઓથી કલાત્મક અન્નકૂટ ગોઠવવામાં આવ્યો હતો. ત્યારપછી પૂ. સંતોએ શ્રીહરિથી શોભિત અન્નકૂટોત્સવની આરતી કરી તેનાં દર્શન ભક્ત સમાજ







### હરિકૃષ્ણ મહારાજની સુવર્ણ તુલા

હરિકૃષ્ણ મહારાજની સુવર્ણ તુલા કાર્યક્રમના પ્રારંભે ગુરુજીએ દિવ્ય કથામૃતનો લાભ આપ્યો. ગુરુજીએ શ્રીજીમહારાજની સર્વોપરી નિષ્ઠા ને અનાદિની સ્થિતિ પ્રવર્તમાન કરવા માટે શ્રીજીમહારાજની તત્પરતાનું વિવિધ પ્રસંગો દ્વારા દર્શન કરાવ્યું. ત્યારપછી ગુરુજીએ હરિકૃષ્ણ મહારાજની સુવર્ણ તુલા અન્વયે અહોભાવપૂર્ણ પ્રાર્થના કરાવી હજારો ભક્તોના હૈયે મહાત્મ્યની ધારા વહાવી હતી. આ પ્રસંગે ગુરુદેવની સ્મૃતિથી ગુરુજી તથા સભામંડપમાં બિરાજેલ ભક્ત સમાજ અશ્રુથી ભીનો બન્યો હતો. સુવર્ણ તુલાની શરૂઆત ગુરુજી તથા પૂ. સંતોએ તુલામાં બિરાજેલ હરિકૃષ્ણ મહારાજને પુષ્પ અર્પણ કરીને કરી હતી. ત્યારબાદ પુરુષ તથા મહિલા વિભાગ બંનેમાં સુવર્ણ તુલાનો લાભ યજમાન પરિવારના સભ્યો તથા સમર્પિત પૂ. સંતો, પૂ. ત્યાગી મહિલામુક્તોના વાલીઓ, જૂના હરિભક્તો તથા સ્ટાફ મુક્તોએ લીધો હતો. મહિલા વર્ગ દ્વારા ઘણા મહિલા હરિભક્તો સ્વૈચ્છિક સુવર્ણ અર્પણ કરી, હરિકૃષ્ણ મહારાજનો ખૂબ રાજીપો કમાયા હતા. તુલા બાદ ગુરુજીએ તુલાની સમગ્ર ધનરાશિનો ઉપયોગ ઘનશ્યામનગરના પૂ. સંતો તથા પૂ. ત્યાગી મહિલામુક્તોના આશ્રમ તથા મહિલા સભાહૉલના નિર્માણ માટે કરવામાં આવશે તેવી ઘોષણા કરી હતી. આમ, સુવર્ણ તુલા કાર્યક્રમ ઉત્સાહ ને ઉમંગથી ઊજવાયો હતો.

### રાજીપાદર્શન

સુવર્ણ તુલાના કાર્યક્રમ દરમ્યાન રાજીપાદર્શનનો સમન્વય કરવામાં આવ્યો હતો. આ રાજીપાદર્શનમાં ગુરુજીએ ગુરુદેવને સહાય કરનાર સંતો-ભક્તોના બલિદાનની ગૌરવગાથા સુણાવીને સૌનો આભાર વ્યક્ત કર્યો હતો. સંસ્થાનું શૂન્યમાંથી સર્જન કરનાર અને ગુરુદેવના સંકલ્પોને ઝીલી ચાલનાર ગુરુજીએ કાયમ ગુરુદેવને તથા સંકલ્પમાં સહભાગી થનારને જ શ્રેય આપ્યો છે. પોતે સંકલ્પમાં હોમાઈ જનારા હોવા છતાં ક્યારેય ઊપસ્યા તો નથી પણ સંકલ્પ સેવા કરનારનું ઋણ માની એમની સેવા કરી છે. આવા અજોડ અપરીમ્ દેહાતીતપણાનાં દર્શન ગુરુજીની અનુરીતિ છે. આ પળે ગુરુજીએ રાજીપો જણાવતાં કહ્યું, “સુવર્ણ જયંતી ઉત્સવ એ આનંદનો પ્રસંગ છે. આપ સૌનાં દર્શન કરી અમને ગુરુદેવની ઘણીબધી સ્મૃતિઓ થાય છે; આપ બધાને જોઉં છું એટલે હર્ષનાં આંસુ આવે છે. આપ બધાએ ગુરુદેવને પોતાના ગણીને-પોતાના કરીને પોતાનાં આખા જીવન સમર્પિત કર્યાં છે. ખરા સમયે ગુરુદેવને ખભો આપનારને અમે સમય આવે અમારો ખભો આપીશું.”

ગુરુદેવને જમીન સંપાદનની સેવામાં, આર્થિક અનુદાનની સેવામાં, મંદિર નિર્માણની સેવામાં, પક્ષ રાખવાની સેવામાં,











વૃત્તિનું કામ તો એવું છે જે મંદિરમાં પણ જગતસંબંધી વિચાર કરાવે.




મંદિર વહીવટની સેવામાં, સત્સંગ વૃદ્ધિની સેવામાં, ખરા સમયે જીવન સમર્પિત કરવાની સેવામાં, સત્સંગ પ્રચાર-પ્રસારની સેવામાં મદદરૂપ થનાર ૭૦થી વધુ સંતો-ભક્તોને ગુરુજીએ રાજીપો આપ્યો હતો.

રાજીપાદર્શનમાં ગુરુદેવ ને ગુરુજીના સહાયક એવા પૂ. ભક્તસ્વામીને ભેટીને ગુરુજીએ રાજીપો આપ્યો. વળી, આ સમયે વડીલ સંતોને પણ ગુરુજી ભેટ્યા ને રાજીપો આપ્યો હતો. આ ક્ષણો પછી ગુરુજીએ ઘનશ્યામનગરના સંત-હરિભક્ત સમાજને દંડવત કર્યા. પોતે અવરભાવમાં સંસ્થામાં ગુરુ પદે તથા પરભાવમાં પણ સર્વોચ્ચ પદે છે છતાં દાસના પણ દાસ બની નમતા ગુરુજી સમગ્ર સ્વામિનારાયણ સંપ્રદાય માટે નમેરી મૂર્તિ છે ! રહેશે ! આખા રાજીપાદર્શનમાં એમણે એમના દાખડાની લેશ વાત કરી નહિ ને કરવા દીધી નહીં.

ઘનશ્યામનગર મંદિરમાં સેવા કરનાર પૂ. નિર્દોષસ્વામી (મોટાસ્વામી), પૂ. સિદ્ધાંતસ્વામી, પૂ. નિર્ગુણસ્વામી, પૂ. ધરમસ્વામી, પૂ. પૂરણસ્વામી, પૂ. નિષ્ઠાસ્વામી, પૂ. સનાતનસ્વામી, પૂ. સરળસ્વામી, પૂ. મૂર્તિસ્વામી, પૂ. સુખસ્વામી, પૂ. તીર્થસ્વામી, પૂ. મુનિસ્વામી, પૂ. મંગલમૂર્તિસ્વામીને ગુરુજીએ ખૂબ રાજીપો આપ્યો. રાજીપાદર્શનમાં આવનાર ૭૦થી વધુ રાજીપાર્થીઓને વંદન કરી, સાલ ઓઢાડી, ભેટીને રાજીપો આપનાર ગુરુજી ખરેખર અલૌકિક સ્વરૂપ છે. નિજના અવરભાવનો સહેજ પણ વિચાર નહિ પણ ‘ગુરુદેવને સહાય કરનાર મારા મુગટ સમાન છે’ એવો દીનતાસભર દાસત્વ ગુરુજીનો મોખર સ્વભાવ છે. ગુરુજીએ રાજીપાદર્શન સભા સમયે અમરતભાઈ હરજીભાઈ પટેલની વ્હિલચૅર પોતે ચલાવીને એમની સેવા લઈને દિવ્યભાવની ચરમતાનો અનુભવ કરાવ્યો હતો. વળી, કવિરાજ નરેન્દ્રભાઈ રત્નુએ ગુરુદેવ વિષે દશાબ્દી વખતે કરેલી રચના અહોભાવપૂર્ણ સાંભળી પણ જ્યારે કવિરાજે ગુરુજી વિષે કવિતા રજૂ કરવા પ્રાર્થના કરી : “ગુરુજી, આપનું એક પદ સંભળાવવું છે.” તો તેમણે અરુચિપૂર્ણ ના દર્શાવી : “અરે ! મહારાજ, બાપા, બાપજીમાં અમારું બધું આવી ગયું.” ત્યારે કવિરાજે કહ્યું, “એ તો કર્યું પણ એ સમયની આ પ્રાસંગિક ઘટના છે.” પણ ગુરુજીએ કહ્યું, “અમે તો દાસ છીએ.” કવિએ કહ્યું કે, “એમાં આ જ વર્ણન કર્યું છે; બીજું નથી કર્યું. ગુરુજી, આ રચનામાં આપના દાસત્વનું વર્ણન છે.” ત્યારે ગુરુજીએ કહ્યું, “દાસત્વનું વર્ણન હોય તો જ કરશો.” આહાહા !! જોયું મુક્તો, નિરંતર દાસત્વની મૂર્તિને દાસત્વ સિવાય કંઈ રુચે કે ગોઠે નહીં. આ જ એમની પરભાવીતા છે ! આ જ એમની સ્વાભાવિકતા છે ! આમ, દેહાતીતથી પણ આગળ પરભાવી સ્વરૂપ ગુરુજીની ભવ્યતા વર્ણનાતીત છે.






### અસ્મિતાયાત્રા

મધ્યાહ્નના ૩:૧૫ વાગે યજમાનશ્રી પ.ભ. નટુભાઈ ભગવાનભાઈ પટેલના નિવાસસ્થાનેથી અસ્મિતાયાત્રાનો પ્રારંભ થયો હતો. યજમાનશ્રીના ઘરે હરિકૃષ્ણ મહારાજનો અન્નકૂટ ભરવામાં આવ્યો હતો. ગુરુજીએ અહીં આરતી તથા થાળનો લાભ લઈ દર્શન-આશીર્વાદથી સૌને સુખિયા કર્યા હતા.

ત્યારબાદ હરિકૃષ્ણ મહારાજ સાથે ગુરુજી વિશાળ ભવ્ય માણકી ને કલાત્મક શિલ્પથી સજ્જ રથ વિષે બિરાજ્યા. આ સમયે ગુરુજી હરિકૃષ્ણ મહારાજ માટે કલાત્મક સ્તંભયુક્ત આસન જોઈ બોલ્યા, ‘‘મહારાજને આવું આસન ને અમારે સોફો આવું ન ચાલે.’’ એમ કહી ગુરુજીએ હરિકૃષ્ણ મહારાજ પોતાના ખોળામાં લઈ લીધા. સંતોએ કહ્યું કે, ‘‘મહારાજની સેવા અમને આપો. અમે હરિકૃષ્ણ મહારાજને રાખીશું.’’ પણ ગુરુજીએ દાસભાવે ઠેઠોઠેઠ સુધી હરિકૃષ્ણ મહારાજને નિજ પાસે રાખ્યા. અવરભાવમાં ગુરુપદે બિરાજતા મોટા સંતો હોય તો તેમના સેવક સંત હરિકૃષ્ણ મહારાજને રાખે પણ એ અવરભાવની મોટપ-મોભાની અવગણના કરતાં ગુરુજી મહારાજના આસન સમ બની રહ્યા. જોયું મુક્તો, ગુરુજીની રીતિ-નીતિ જગતથી ન્યારી છે. એમને તો અવરભાવ અડે જ નહીં.

મોખરે પાઈલોટ ગાડીમાં ઘનશ્યામનગરના વડીલો, ગુરુજીનો રથ, પૂ. સંતોના વિવિધ સ્પૉટ તેમજ ગાડીઓ તથા પૂ. ત્યાગી મહિલામુક્તોની ગાડી તથા હજારો ગાડીઓથી સજ્જ અંદાજિત ૧.૫થી ૨ કિ.મી. દીર્ઘ અને ૮ કિ.મી.નો રૂટ ધરાવતી આ અસ્મિતાયાત્રા હજારો હરિભક્તોસભર હતી. ગુરુજીએ લાખો દર્શનાર્થીઓને સંકલ્પમાં લઈ સૌને મહારાજની મૂર્તિ આપી ધન્ય કર્યા હતા. આ અસ્મિતાયાત્રા ઘનશ્યામનગર મંદિર આવતાં પદયાત્રામાં પરિણમી હતી. જેમાં હાથી, ઘોડા તેમજ વિવિધ સ્પૉટ પર યજમાન હરિભક્તો બિરાજ્યા હતા. અસ્મિતાયાત્રાનું અંતિમ ચરણ લાલબહાદુર શાસ્ત્રી સ્ટેડિયમ (મલેકસાબાન સ્ટેડિયમ) હતું. આ ક્ષણે ગુરુજીએ ફુગ્ગાઓ સાથે સુવર્ણ જયંતી ઉત્સવનું ફલક નભમંડળને વિષે વિમોચિત કર્યું હતું. ત્યારે સૌ તાળીઓના ગડગડાટ સાથે આ ક્ષણના સાક્ષી બન્યા હતા.

### સુવર્ણ જયંતી ઉત્સવ

અસ્મિતાયાત્રા બાદ પ્રારંભાયો સુવર્ણ જયંતી ઉત્સવનો ગરિમાપૂર્ણ કાર્યક્રમ. આ કાર્યક્રમના પ્રારંભમાં પૂ. વડીલ સંતો દ્વારા ગુરુદેવ ને ગુરુજીના દાખડા તથા મહારાજના સંકલ્પની ઐતિહાસિક પળો સદૃષ્ટાંત નિરૂપાઈ. આ ક્ષણે ગુરુજી વ્હાલા હરિકૃષ્ણ મહારાજ સાથે પધાર્યા ત્યારે એમનો દાસત્વભાવ સૌ કોઈને ભીના કરી જતો. હરિભક્તોએ ગુરુજીનાં દર્શન કરવાના હોય પણ તેઓ સૌનાં દર્શન કરતા થકા પધારી રહ્યા હતા.

દાસભાવે ગુરુજીએ મુખ્ય સભા મંચ પર મહારાજ, ગુરુદેવ તથા સંતો-ભક્તોને નમીને, દર્શન કરી જય સ્વામિનારાયણ






AKMÉ SALON


ઐતિહાસિક સભા સ્થળ
મલેકસાબન સ્ટેડિયમ
CHITRA


CHITRA
OOH PRIVATE LIMITED
90990 07843
99798 52085
Happy Family





પાઠવ્યા. ગુરુજીની અનાદિ રીતિમાં નિરંતરતા ને સાતત્યતાનું વહેણ સદૈવ ઝરતું જોવા મળે. સુવર્ણ જયંતી ઉત્સવના વિધ વિધ યજમાનોએ તથા પૂ. સંતોએ ગુરુજીના પૂજનનો લાભ લીધો. ત્યારબાદ ઘનશ્યામનગર, ઈસનપુર ને વાસણા મંદિરના આર્કિટેક્ટ એવા એ. આઈ. ઠક્કરને ગુરુજીએ ભાવભર્યું આમંત્રણ પાઠવ્યું હતું. તેઓ પણ આ પ્રસંગે ગુરુજીના પૂજન-આશીર્વાદનો લાભ લઈ ધન્ય બન્યા હતા. તેઓના ઉદ્‌ગાર હતા કે, "૩૫-૪૦ વર્ષ પૂર્વે મને મંદિરની સેવાનો લાભ મળ્યો હતો. પણ ગુરુજી મારી આ સેવાને આટલા વર્ષે પણ ભૂલ્યા નથી. એમની આ મહાનતાએ મને ભીંજવી દીધો છે. મારા પર એમની કરુણા સદૈવ વહે એવી પ્રાર્થના." ગુરુજી ગુરુદેવના સંકલ્પમાં ભળ્યા હોય એને કદી વીસરતા નથી. આ જ ગુરુજીનો ગુરુદેવ પરત્વેનો ગુરુમહિમા દર્શાવે છે. 'આદ્ય મંદિરમ્' વિડિયો કીર્તનની પ્રસ્તુતિ દ્વારા સભામંડપમાં કારણ સત્સંગના પાતાળમાં પાયા નાખ્યાનું મુખર ગાન સૌને અસ્મિતાસભર બનાવી રહ્યું હતું.

આ સમયે ઘનશ્યામનગર મંદિરના સુવર્ણકાળના ૫૦ વર્ષની એક દસ્તાવેજી પ્રસ્તુતિનો પ્રોમો પણ રજૂ કરાયો હતો.

**ગુરુજીની પરાવાણી**

સુવર્ણ જયંતી ઉત્સવ અન્વયે ગુરુજીએ ગુરુદેવના યુગકાર્યના પ્રારંભને યશસ્વી કરવા નૂતન કીર્તનની રચના કરી. આ રચના ગુરુજીએ ૫૦થી વધુ કડીમાં કરીને સુવર્ણ જયંતીનું ભાવપુષ્પ ગુરુદેવના ચરણે અર્પ્યું :

"અલૌકિક ગાથા ગાવી છે, સુણજો સહુ નરનાર;
કારણ સત્સંગનો પાયો જે, અહીં ધણી ખોડનાર,
ગુરુદેવને નિમિત્ત કરીને, શ્રીહરિએ કર્યું છે તમામ,
આ મંદિર તેનું સાક્ષી છે, જ્યાં બિરાજ્યા શ્રી ઘનશ્યામ."

ગુરુજીએ શ્રીહરિના સંકલ્પોનું જતન કરનાર, બાપાશ્રીના સંકલ્પે પ્રગટનાર ગુરુદેવની ક્રાંતિકારી ગાથાને સ્નેહભીની શબ્દમાળાથી બિરદાવી. ગુરુજીએ ગુરુદેવના ક્રાંતિકારી કાર્યમાં સહાય કરનાર સંતો-ભક્તોને પણ આ સમયે રાજીપો આપી અહોહો કરુણાથી છલકાવ્યા. આખો સભામંડપ-નભમંડળ "ગાથા આદ્ય મંદિરની..." અસ્મિતાવલીઓથી ગુંજી રહ્યું હતું. ગુરુદેવના યુગકાર્યો સાથે ગુરુજીની દીક્ષા વિધિનો પ્રસંગ પણ ગુરુજીએ સ્વમુખે કહીને નવા-જૂના ભક્ત સમાજ પર શ્રીહરિની કૃપાનિકેતનતાનો અનુભવ કરાવ્યો હતો. ગુરુદેવની સત્સંગીભૂષણની વિશિષ્ટ લઢણેયુક્ત કથાવાર્તાનો લાભ અપાવી નવા મુમુક્ષુઓને ભવાબ્ધિના ફેરા ટળાવ્યાનો આશીર્વાદ ગુરુજીએ પાઠવ્યો હતો. વળી, ગુરુજીએ પ્રાર્થનાત્મક આશીર્વર્ષા કરતાં કહ્યું,



**પ્રેમ અને વિશ્વાસથી મહાન સિદ્ધિઓ પ્રાપ્ત થઈ શકે છે.**





"અસ્મિતાયાત્રામાં મહારાજ પર જેની દૃષ્ટિ પડી હોય, હાથ જોડ્યા હોય અને આજના પ્રસંગે જે આવ્યા છે, જે ઘનશ્યામનગર મંદિરનાં દર્શને આવે તથા આજની પ્રસાદી જમાડે તેને ટાણું આવે ત્યારે મહારાજ, બાપા, બાપજી સંભારી લેજો." યુગકાર્યની અસ્મિતા ગાતાં ગાતાં પરભાવીતાનું પ્રતિપાદન કરનાર ગુરુજીએ આદ્ય મંદિરની ગાથાના અંતિમ ચરણે કહ્યું,

"છતાં આ બધું કાર્ય કહેવાય (ગાથા),
કારણ મૂર્તિમાં અખંડ રહેવાય (ગાથા);
અનંત જંગમ મંદિરો કરે છે (ગાથા),
મોટા પ્રાગટ્યનો હેતુ સારે છે (ગાથા)."

મુક્તો, ગુરુજીરૂપી સંકલ્પ અનાદિમુક્તની સ્થિતિ પ્રવર્તન કાજે પ્રગટ્યો છે. કારણની મુખ્યતા એમના કવનની અભિન્નતા છે. સાજા સ્વામિનારાયણ સંપ્રદાયમાં આવું કારણરૂપ દર્શન સત્પુરુષ ગુરુજીની કરુણાથી સુલભ બન્યું છે. જે સંપ્રદાયના ઇતિહાસમાં 'ન ભૂતો ન ભવિષ્યતિ' સમ છે.

ગુરુજીની કૃપાવાણી બાદ ઘનશ્યામનગર મંદિર તરફથી સંસ્થામાં થયેલ સમર્પણ અંગેની દસ્તાવેજી પ્રસ્તુતિ પૂ. નિર્લેપસ્વામી દ્વારા રજૂ થઈ હતી. સંસ્થાના હેડ સેન્ટરના ૨૨ ડિપાર્ટમેન્ટમાં ૫૦થી વધુ મુક્તો તથા ૫થી વધુ મુક્તો આજીવન સમર્પિત સેવક તરીકે સેવા આપે છે. ઘનશ્યામનગર સેન્ટરમાંથી વિદેશ સ્થાયી થયેલા અને સેવામાં રહેલા ૮૦થી વધુ મુક્તો કાર્યરત છે. વળી, ૨૪ પૂ. સંતો તથા ૩૦ પૂ. ત્યાગી મહિલામુક્તોનું સમર્પણ ઘનશ્યામનગરની ભૂમિથી સંસ્થામાં થયેલ છે.

**ગુરુદેવના આશીર્વાદ**

"ઘનશ્યામ મહારાજની આ એરિયા માટે બર્થ ડે છે. કારણ સત્સંગનું જન્મસ્થાન - પ્રાગટ્યસ્થાન આ ઘનશ્યામનગર છે. આજના દિવસે મહારાજને ખૂબ પ્રાર્થના. દેશ-પરદેશના કારણ સત્સંગના પરિવારને ભેળા રાખજો. બધા સંતોને આશીર્વાદમાં ભેળા રાખજો. આર્થિક, શારીરિક, માનસિક મુશ્કેલી ના આવે ને બધાય માલંમાલ થાય એવી આ પ્રસંગે પ્રાર્થના. તમારા શરણે જે આવે તે રડે નહિ પણ રાજી થઈને જાય એવી પ્રાર્થના." ગુરુદેવના દયાશિષે સભામંડપમાં ઉપસ્થિત તથા ઑનલાઇન લાભ લેનાર સૌને કૃપાનંદની હેલીમાં ભીંજવ્યા.

**અતિથિ વિશેષ**

ગુજરાતના રાજ્યકક્ષાના મંત્રી (સ્વતંત્ર) શ્રી જગદીશભાઈ પંચાલ તથા માજી ગૃહમંત્રી શ્રી પ્રદીપસિંહ જાડેજા તેમજ બાપુનગરના ધારાસભ્ય શ્રી દિનેશસિંહ કુશવાહ સુવર્ણ જયંતી ઉત્સવે પધારી, ગુરુદેવ પ.પૂ. બાપજીના દર્શનનો લાભ તથા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીના પૂજન-આશીર્વાદ ને કૃપાશાલ તેમજ પ્રસાદ પામી ધન્ય બન્યા હતા. આ પ્રસંગે પૂ. ત્યાગી મહિલામુક્તોના વિભાગમાં અમદાવાદના મેયર શ્રીમતી પ્રતિભાબેન જૈન તથા ઠક્કરબાપાનગરના ધારાસભ્ય શ્રીમતી








કંચનબેન રાદડિયા ઉપસ્થિત રહ્યાં હતાં.

**સ્વયંસેવકોનો સેવાયજ્ઞ**

આમ, સુવર્ણ જયંતી ઉત્સવ સંસ્થાના પ્રભારી સંત પૂ. ધરમસ્વામી તથા સંયોજક સંત પૂ. મૂર્તિસ્વામી અને પૂ. નિષ્ઠાસ્વામીના અથાક દાખડા તેમજ હરિભક્તોના નિર્દેશકપણા હેઠળ આશરે ૫૭ જેટલા વિભાગોથી કાર્યરત રહ્યો હતો. મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવમાં પૂ. કારણસ્વામી, પૂ. પ્રેમસ્વામી, પૂ. ધ્યેયસ્વામી, પૂ. અનુપસ્વામી, પૂ. મધુરવદનસ્વામી, પૂ. સેવાસ્વામી, પૂ. દીનબંધુસ્વામી, પૂ. સરળસ્વામી, પૂ. ભજનસ્વામી આદિક ૧૩ જેટલા પૂ. સંતો તથા અમદાવાદ ઝોનના હરિભક્તોએ રાત-દિન યોગદાન આપી સાર્થક બનાવ્યો હતો. વાસણા, ઘાટલોડિયા, ઈસનપુર, નરોડા, નિકોલ, વસ્ત્રાલ, ગોતા, રાણીપ, બાવળા, સાણંદ, સેટેલાઈટ, બોપલ આદિ સંસ્થાના સત્સંગ કેન્દ્રોમાંથી આશરે ૧૫૦૦ જેટલા સ્વયંસેવકોએ સેવા કરીને ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીના અંતરનો રાજીપો મેળવ્યો હતો. ઘનશ્યામનગરના સ્થાનિક પૂ. સંતો, કાર્યકરો-સ્વયંસેવકોએ ઉત્સવમાં બે માસ અગાઉથી વિવિધ વિભાગોમાં અહોનિશ સેવાઓ આપી હતી. ત્યારે આવો, આ સેવા-સેનાનીઓને સંભારી તેમની સેવા પરાયણતાના ગુણને કેળવવાની પ્રેરણા મેળવીએ.

આ સુવર્ણ જયંતી ઉત્સવની ઉજવણી સાથે માત્ર એસ.એમ.વી.એસ. સ્વામિનારાયણ સંસ્થા જ નહિ, પરંતુ સમસ્ત સ્વામિનારાયણ સંપ્રદાયના ઈતિહાસમાં એક અવિસ્મરણીય પૃષ્ઠ ઉમેરાઈ ગયું. ગુરુદેવ પ.પૂ. બાપજી તથા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીએ સમજાવેલા અધ્યાત્મ ઉત્કર્ષના પાઠ સમજી, આવા અભિનવ તીર્થના પ્રેરક વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીના દિવ્ય ચરણોમાં વંદન કરતાં કરતાં વિશાળ ભક્ત મહેરામણે ઉત્સવ સ્થળેથી વિદાય લીધી હતી.

**મહિલા વિભાગ**

ઘનશ્યામનગર સુવર્ણ જયંતી ઉત્સવ અન્વયે પુરુષ વિભાગની જેમ સર્વે સમિતિની સેવાનું સંચાલન પૂ. ત્યાગી મહિલામુક્તોના નેતૃત્વ હેઠળ મહિલા સમાજે કર્યું હતું. તેઓની નેપથ્યમાં (પડદા પાછળ) રહીને અહોનિશ સેવા કરવાની ભક્તિ શ્રેષ્ઠ છે.

ઘનશ્યામનગર મંદિરના સુવર્ણ જયંતી ઉત્સવે ૧૨,૦૦૦થી વધુ પ્રત્યક્ષ લાભાર્થી તથા ૩૦,૧૦૦થી વધુ ઑનલાઈન લાભ લેનાર મુમુક્ષુઓને આજે ગુરુદેવની પ્રતિકૃતિ રૂપ ગુરુજીની અનુભૂતિ નખશિખ થઈ હતી. ગુરુદેવના સંકલ્પોત્થાન કાર્યને કારણમય રીતે વહન કરનાર ગુરુજી કારણ સત્સંગને વિશ્વવ્યાપી ને વિશ્વધર્મ કરવા સંચારિત કરી રહ્યા છે. સુવર્ણ જયંતી ઉત્સવે સુવર્ણ જેવા અનાદિમુક્ત કરવાના નેમી સત્પુરુષ ગુરુજી સ્વામિનારાયણ સંપ્રદાયમાં અજોડ, અદ્વિતીય ને અનુપમ છે, છે ને છે જ ને રહેશે.




કારણ સત્સંગના વિશ્વવ્યાપી પ્રવર્તન કાજે

# વ્હાલા ગુરુજીનું દિવ્ય સત્સંગ વિચરણ



## વ્હાલા ગુરુજીએ વહાવેલી અભયદાનની અનેરી સરવાણી...

**તા. ૧૪-૭-૨૪**ના રોજ **વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી**એ પ્રાતઃ સમયે **બાયડ** ખાતે ઉપસ્થિત હરિભક્તોને જ્ઞાન-ધ્યાન ચિંતનમાં બળપ્રેરક દિવ્યવાણીનો લાભ આપી સુખિયા કર્યા હતા.

**તા. ૧૭-૭-૨૪**ના રોજ **વ્હાલા ગુરુજી**એ પ્રાતઃ સમયે **સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર** ખાતે સંકલ્પ સભામાં દિવ્યવાણીનો લાભ આપી ૨૬૮૮૮થી પણ વધુ હરિભક્તોને પ્રત્યક્ષ તથા ઑનલાઈન દર્શન-આશીર્વાદનો લાભ આપી સુખિયા કર્યા હતા.

**તા. ૧૯-૭-૨૪**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **વરાછા (સુરત)** ખાતે પ્રાતઃ સમયે ઉપસ્થિત હરિભક્તોને જ્ઞાન-ધ્યાન ચિંતનમાં બળપ્રેરક સુધાવાણીનો લાભ આપી સુખિયા કર્યા હતા.

**તા. ૨૧-૭-૨૪**ના રોજ **વ્હાલા ગુરુજી**એ સાયંકાળે અનુક્રમે **છત્રાલ** તેમજ **મહેસાણા** ખાતે ૧-૧ પધરામણીનો લાભ આપી પ્રેમી હરિભક્તના મનોરથ પૂર્ણ કર્યા હતા.

**તા. ૨૩-૭-૨૪**ના રોજ **વ્હાલા ગુરુજી**એ પ્રાતઃ સમયે **કલ્યાણગઢ (બાવળા)** ખાતે મહાપૂજાનો લાભ આપી હરિભક્તોને કૃપાવંત કર્યા હતા.

**તા. ૨૪-૭-૨૪**ના રોજ **વ્હાલા ગુરુજી**એ પ્રાતઃ સમયે **મોરબી** ખાતે હરિભક્તોને જ્ઞાન-ધ્યાન ચિંતનમાં દિવ્યવાણીનો લાભ આપી સુખિયા કર્યા હતા. આજરોજ **વ્હાલા ગુરુજી**એ **મોરબી** ખાતે ૧ પધરામણીનો લાભ આપી પ્રેમીભક્તને કૃતાર્થ બનાવ્યા હતા. આજરોજ **વ્હાલા ગુરુજી**એ મધ્યાહ્‌ન સમયે **રાજકોટ** મંદિરે કિશોર શિબિરમાં અમૃતવાણીનો લાભ આપી સૌ

કિશોરોને કૃતકૃત્ય બનાવ્યા હતા.

**તા. ૨૫-૭-૨૪**ના રોજ **વ્હાલા ગુરુજી**એ સાયંકાળે **વિજાપુર** ખાતે ૧ પધરામણીનો લાભ આપી હરિભક્તના કાલાવાલા સ્વીકારી રાજીપો વરસાવ્યો હતો.

**તા. ૩૧-૭-૨૪**ના રોજ **વ્હાલા ગુરુજી**એ પ્રાતઃ સમયે **સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર** ખાતે સંકલ્પ સભામાં દિવ્યવાણીનો લાભ આપી ૨૭૧૧૧થી પણ વધુ હરિભક્તોને પ્રત્યક્ષ તથા ઑનલાઇન દર્શન-આશીર્વાદનો લાભ આપી સુખિયા કર્યા હતા.

**તા. ૧૬-૮-૨૪**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **કેનેડા** ખાતે રાત્રે ૧૦:૦૦થી ૧૨:૩૦ દરમ્યાન સંકલ્પ સભામાં દિવ્યવાણીનો લાભ આપી ૨૧૯૦૩થી પણ વધુ હરિભક્તોને પ્રત્યક્ષ તથા ઑનલાઇન દર્શન-આશીર્વાદનો લાભ આપી સુખિયા કર્યા હતા.

**તા. ૨૯-૮-૨૪**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **સાન ફ્રાન્સિસ્કો** ખાતે રાત્રે ૭થી ૯ દરમ્યાન સંકલ્પ સભામાં દિવ્યવાણીનો લાભ આપી ૩૦૦૫૮થી પણ વધુ હરિભક્તોને પ્રત્યક્ષ તથા ઑનલાઇન દર્શન-આશીર્વાદનો લાભ આપી સુખિયા કર્યા હતા.

**તા. ૧૨-૯-૨૪**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **મહેસાણા** ખાતે પ્રાતઃ સમયે બળપ્રેરક દિવ્યવાણીનો લાભ આપી સર્વે મુક્તોને રાજીપાના માર્ગે આગળ વધાર્યા હતા. આજરોજ વ્હાલા ગુરુજીએ મધ્યાહ્ન સમયે **મહેસાણા** ખાતે ૪ પધરામણી તથા ૧ રસોઈ તેમજ સાયંકાળે **પાટણ** ખાતે ૩ પધરામણી તથા ૧ રસોઈનો લાભ આપી પ્રેમીજનોના મનોરથ પૂર્ણ કર્યા હતા. આજરોજ **વ્હાલા ગુરુજી**એ રાત્રિ સમયે **પાટણ** ખાતે ચાતુર્માસ પારાયણ પૂર્ણાહુતિ પ્રસંગે દિવ્ય સુધાવાણીનો લાભ આપી ૧૦૫૦થી પણ વધુ હરિભક્તોને દર્શન-આશીર્વાદનો લાભ આપી સુખિયા કર્યા હતા.

**તા. ૧૪-૯-૨૪**ના રોજ **વ્હાલા ગુરુજી**એ પ્રાતઃ સમયે **સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર** ખાતે સંકલ્પ સભામાં દિવ્યવાણીનો લાભ આપી ૨૪૭૨૪થી પણ વધુ હરિભક્તોને પ્રત્યક્ષ તથા ઑનલાઇન દર્શન-આશીર્વાદનો લાભ આપી સુખિયા કર્યા હતા.

**તા. ૧૬-૯-૨૪**ના રોજ **વ્હાલા ગુરુજી**એ પ્રાતઃ સમયે **વાઘોડિયા ચોકડી (વડોદરા)** ખાતે જ્ઞાન-ધ્યાન ચિંતનમાં અમૃતવાણીનો લાભ આપી સૌને કૃતાર્થ બનાવ્યા હતા. આજરોજ **વ્હાલા ગુરુજી**એ **ડભોલી (સુરત)** ખાતે મધ્યાહ્ન સમયે ૮ પધરામણી તથા ૧ રસોઈનો લાભ આપી સર્વે મુક્તોના કાલાવાલા સ્વીકારી રાજી કર્યા હતા. આજરોજ **વ્હાલા ગુરુજી**એ સાયંકાળે **વરાછા (સુરત)** ખાતે ૫ પધરામણીનો લાભ આપી ઉપસ્થિત હરિભક્તોને ધન્ય બનાવ્યા હતા. આજરોજ **વ્હાલા ગુરુજી**એ **વરાછા (સુરત)** ખાતે સાયંકાળે રાજીપાદર્શન પ્રોગ્રામમાં તેમજ રાત્રિ સમયે અંગત કાર્યકર શિબિરમાં સુખમય અમૃતવાણીનો લાભ આપી ૧૦૧૭થી પણ વધુ મુક્તોને બળિયા કર્યા હતા.

**તા. ૧૭-૯-૨૪**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **વરાછા (સુરત)** ખાતે પ્રાતઃ સમયે ઘરધણી મુક્તોને અંગત કથાવાર્તાનો તેમજ દિવ્ય દર્શન-આશીર્વાદનો લાભ આપી મહાત્મ્યની દુનિયામાં ગરકાવ કર્યા હતા.

**તા. ૧૮-૯-૨૪**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **વાસણા** ખાતે પ્રાતઃ સમયે પૂનમ સમૈયામાં દિવ્યવાણીનો લાભ આપી ૩૭૯૦૦થી પણ વધુ હરિભક્તોને પ્રત્યક્ષ તથા ઑનલાઇન દર્શન-આશીર્વાદનો લાભ આપી કૃતાર્થ બનાવ્યા હતા.

**તા. ૨૦-૯-૨૪**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **વાસી (નવી મુંબઈ)** ખાતે પ્રાતઃ સેશનમાં સત્સંગ શિબિર દરમ્યાન બળપ્રેરક દિવ્યવાણીનો લાભ આપી ઉપસ્થિત હરિભક્તોને ધન્ય બનાવ્યા હતા. આજરોજ **વ્હાલા ગુરુજી**એ **પૂના** ખાતે સાયંકાળે ૧ પધરામણી તથા ૧ રસોઈનો લાભ આપ્યા બાદ રાત્રિ સેશનમાં આયોજિત સત્સંગ સભામાં કથાવાર્તાનો લાભ આપી ઉપસ્થિત હરિભક્તોને બળિયા કર્યા હતા.

**તા. ૨૧-૯-૨૪**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **પૂના** ખાતે પ્રાતઃ સભામાં ઘર ઘરના હરિભક્તોને અંગત લાભ આપી રાજીપાના માર્ગે આગળ વધવાનું ભાથું બાંધી આપ્યું હતું. આજરોજ **વ્હાલા ગુરુજી**એ **વાસી** ખાતે મધ્યાહ્ન સમયે ૧ રસોઈ તેમજ સાયંકાળે ૬ હરિભક્તોના ગૃહે પધરામણીનો લાભ આપી તેઓને ધન્યભાગી બનાવ્યા હતા. આજરોજ **વ્હાલા ગુરુજી**એ **વાસી** ખાતે રાત્રિ સેશનમાં નૂતન સ્વામિનારાયણ છાત્રાલય સંકુલને ઉદ્‌ઘાટિત કરી નૂતન સિંહાસનમાં મૂર્તિ પધરાવી અનંત મુમુક્ષુઓ માટે આત્યંતિક કલ્યાણનું સદાવ્રત ખુલ્લું મૂક્યું હતું. આ પ્રસંગે ૧૩૨૫થી વધુ મુક્તોએ ઉપસ્થિત રહી ધન્યતા અનુભવી હતી.

**તા. ૨૨-૯-૨૪**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **કાંદિવલી** ખાતે પ્રાતઃ સેશનમાં ૧ પધરામણીનો લાભ આપ્યા બાદ ઝોનલ શિબિર અંતર્ગત ઘર ઘરના મુક્તોને અંગત લાભ આપી રાજીપાના માર્ગે આગળ વધવા બળ પ્રદાન કર્યું હતું. આજરોજ

**વ્હાલા ગુરુજી**એ સાયંકાળે ૩ પધરામણીનો લાભ આપી રાત્રિ સેશનમાં હેપી ફૅમિલિ સભામાં દિવ્યવાણીનો લાભ આપી મુમુક્ષુઓને સુખિયા કર્યા હતા.

**તા. ૨૫-૯-૨૪**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **નરોડા** ખાતે પ્રાતઃ સેશનમાં ઝોનલ વિચરણ દરમ્યાન સત્સંગ પ્રવૃત્તિ તેમજ મંદિર વહીવટની સેવા સંભાળતા અગ્રેસર મુક્તોને અંગત લાભ આપી રાજીપો વરસાવ્યો હતો. આજરોજ **વ્હાલા ગુરુજી**એ **નરોડા** ખાતે મધ્યાહ્ન સમયે ૩ પધરામણીનો લાભ આપી રાત્રિ સેશનમાં **વસ્ત્રાલ** ખાતે ઘરધણી મુક્તોને કથાવાર્તાનો લાભ આપી મહાત્મ્યની દુનિયામાં ગરકાવ કર્યા હતા.

**તા. ૨૬-૯-૨૪**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **વસ્ત્રાલ** ખાતે પ્રાતઃ સમયે ઝોનલ સંકલ્પ સભામાં અમૃતવાણીનો લાભ આપી ૧૧૫૦થી વધુ મુક્તોને બળિયા કર્યા હતા. આજરોજ **વ્હાલા ગુરુજી**એ મધ્યાહ્ન સમયે **વસ્ત્રાલ** ખાતે ૫ પધરામણી તથા ૧ રસોઈનો તેમજ સાયંકાળે **ઘનશ્યામનગર** ખાતે ૭ હરિભક્તોના ગૃહે પધરામણીનો લાભ આપી તેઓના કાલાવાલા સ્વીકારી રાજી કર્યા હતા. આજરોજ **વ્હાલા ગુરુજી**એ **વસ્ત્રાલ** ખાતે રાત્રિ સેશનમાં હૅપી ફૅમિલિ સભામાં અમૃતવાણીનો લાભ આપી ૩૩૬૫થી પણ વધુ મુક્તોને મહારાજ અને મોટાને રાજી કરી લેવાના માર્ગે પ્રયાણ કરાવ્યું હતું.

**તા. ૨૭, ૨૮, ૨૯-૯-૨૪**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર** ખાતે **અમદાવાદ પશ્ચિમ, ગાંધીનગર** તેમજ **હિંમતનગર** ઝોનના કિશોર-યુવક મુક્તોને દિવ્ય સાંનિધ્ય શિબિર દ્વારા નિકટ લઈ અંગત લાભ આપી કાયમી યાદ રહી જાય તેવાં અમૂલ્ય સંભારણાં આપ્યાં હતાં.

**તા. ૨૮-૯-૨૪**ના રોજ **વ્હાલા ગુરુજી**એ પ્રાતઃ સમયે **સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર** ખાતે સંકલ્પ સભામાં દિવ્યવાણીનો લાભ આપી ૨૬૪૮૭થી પણ વધુ હરિભક્તોને પ્રત્યક્ષ તથા ઑનલાઇન દર્શન-આશીર્વાદનો લાભ આપી સુખિયા કર્યા હતા.

**તા. ૫-૧૦-૨૪**ના રોજ **વ્હાલા ગુરુજી**એ પ્રાતઃ સમયે **શાપુર (રાજકોટ)** ખાતે ૧ પધરામણીનો લાભ આપી પ્રેમીભક્તોને કૃતાર્થ બનાવ્યા હતા.

**તા. ૧૭-૧૦-૨૪**ના રોજ **વ્હાલા ગુરુજી**એ પ્રાતઃ સમયે **સેટેલાઇટ** ખાતે મંદિરના વાર્ષિક પાટોત્સવ પ્રસંગે અલભ્ય લાભ આપી સૌને ધન્યભાગી બનાવ્યા હતા. આજરોજ **વ્હાલા ગુરુજી**એ પ્રાતઃ સેશનમાં **વાસણા** ખાતે પૂનમ સમૈયામાં બળપ્રેરક દિવ્યવાણીનો લાભ આપી ૨૪૧૧૨થી પણ વધુ હરિભક્તોને પ્રત્યક્ષ તથા ઑનલાઇન દર્શન-આશીર્વાદનો લાભ આપી કૃતાર્થ બનાવ્યા હતા. આજરોજ **વ્હાલા ગુરુજી**એ **વાસણા** ખાતે રાત્રિ સેશનમાં ઝોનલ વિચરણ દરમ્યાન ઘર ઘરના મુક્તોને અંગત લાભ આપી રાજીપાના માર્ગે આગળ વધવા પગરણ મંડાવ્યાં હતાં.

**તા. ૧૮-૧૦-૨૪**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **વાસણા** ખાતે પ્રાતઃ સમયે ઝોનલ સંકલ્પ સભામાં બળપ્રેરક દિવ્યવાણીનો લાભ આપી સૌ મુક્તોને સુખિયા કર્યા હતા. આજરોજ **વ્હાલા ગુરુજી**એ મધ્યાહ્ન સમયે **ઘાટલોડિયા** ખાતે ૭ પધરામણી તથા ૧ રસોઈનો અને સાયંકાળે **બોપલ** ખાતે ૩ પધરામણી તથા ૧ રસોઈનો લાભ આપી પ્રેમીભક્તોના મનોરથ પૂર્ણ કરી રાજી કર્યા હતા. આજરોજ **વ્હાલા ગુરુજી**એ રાત્રિ સેશનમાં **ઘાટલોડિયા** ખાતે આયોજિત હૅપી ફૅમિલિ સભામાં અમૃતવાણીનો લાભ આપી ૩૦૪૦થી પણ વધુ મુક્તોને સુખિયા કર્યા હતા.

**તા. ૨૮-૧૦-૨૪**ના રોજ **વ્હાલા ગુરુજી**એ પ્રાતઃ સમયે **સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર** ખાતે સંકલ્પ સભામાં દિવ્યવાણીનો લાભ આપી ૨૩૬૫૪થી પણ વધુ હરિભક્તોને પ્રત્યક્ષ તથા ઑનલાઇન દર્શન-આશીર્વાદનો લાભ આપી સુખિયા કર્યા હતા.

**તા. ૩૧-૧૦-૨૪**ના રોજ **વ્હાલા ગુરુજી**એ પ્રાતઃ સમયે **સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર** ખાતે દિવાળી નિમિત્તે અન્નકૂટ ઉત્સવની આરતીનો તથા દર્શન-આશીર્વાદનો લાભ આપી હરિભક્તોને સુખિયા કર્યા હતા. આજરોજ **વ્હાલા ગુરુજી**એ દિવાળી નિમિત્તે ઊજવાયેલ ચોપડાપૂજનમાં દિવ્યવાણીનો લાભ આપી સૌને ધન્ય કર્યા હતા. આ પ્રસંગે ૨૫૦૦થી પણ વધુ હરિભક્તોએ પ્રત્યક્ષ તથા ઑનલાઇન ઉપસ્થિત રહી **વ્હાલા ગુરુજી**નો રાજીપો પ્રાપ્ત કર્યો હતો.

**તા. ૨-૧૧-૨૪**ના રોજ **વ્હાલા ગુરુજી**એ નૂતન વર્ષની નવલી પ્રભાતે **કલોલ, ઘાટલોડિયા** તથા **વાસણા** ખાતે અન્નકૂટની આરતીનો તેમજ સત્સંગ સમાજને દર્શન-આશીર્વાદનો લાભ આપી કૃપાવંત બનાવ્યા હતા. આજરોજ **વ્હાલા ગુરુજી**એ **વાસણા** ખાતે નૂતન વર્ષની આશીર્વાદ સભામાં ૧૫૦૦૦થી પણ વધુ હરિભક્તોને કથાવાર્તાનું બળ આપી આશીર્વર્ષામાં ભીંજવ્યા હતા. આજરોજ **વ્હાલા ગુરુજી**એ **ગોધર** ખાતે અન્નકૂટની આરતી તથા આશીર્વાદ સભાનો લાભ આપી ૫૫૦૦થી પણ વધુ હરિભક્તોને ધન્ય કર્યા હતા.

## વ્હાલા હરિકૃષ્ણ મહારાજ સંગે પૂ. સંતોનું યુ.કે., યુ.એસ.એ., કેનેડા ખાતે સત્સંગ વિચરણ









વ્હાલા ગુરુજીની આજ્ઞાથી આ વર્ષે પણ યુ.કે., યુ.એસ.એ., કેનેડા ખાતે પૂ. સંતોનું સત્સંગ વિચરણ યોજાયું. આ વિચરણમાં વ્હાલા હરિકૃષ્ણ મહારાજ સંગે પૂ. ધરમસ્વામી, પૂ. સ્મરણસ્વામી તથા પૂ. સર્વજ્ઞસ્વામી એમ કુલ ત્રણ પૂ. સંતોનું મંડળ તથા હરિભક્તોમાં સિદ્ધાંતભાઈ અબાસણા, મનનભાઈ અબાસણા આદિ હરિભક્તો પૂ. સંતો સાથે વિચરણમાં જોડાયા હતા. તા. ૨ જુલાઈ ને મંગળવારની સાંજે વ્હાલા હરિકૃષ્ણ મહારાજ સંગે પૂ. સંત મંડળનું સૌપ્રથમ લંડન ખાતે આગમન થયું. લંડનના ભાવિક ભક્તોએ વ્હાલા હરિકૃષ્ણ મહારાજ તથા પૂ. સંતોના આ આગમનને પુષ્પછડી દ્વારા વધાવી લીધું હતું. લંડન ખાતેના સાત-દિવસીય આ સત્સંગ વિચરણમાં યોજાયેલ શિબિર, કાર્યકર ડે, પધરામણીઓ તથા અંગત બેઠકો દ્વારા હરિભક્તો મહારાજ અને મોટાપુરુષના મહિમા આકારે થઈ વિશેષ બળિયા થયા હતા.

લંડન વિચરણ બાદ પૂ. ધરમસ્વામીનું મંડળ યુ.એસ.એ., તથા કેનેડા સત્સંગ વિચરણ અર્થે રવાના થયું. જ્યાં યુ.એસ.એ.માં જર્સીસિટી, ચેરીહિલ, ન્યૂયૉર્ક, બોસ્ટન, એડિસન, કૅલિફૉર્નિયા(SFO) ખાતે તથા કૅનેડામાં ટોરન્ટો ખાતેના પૂ. સંતોના કુલ ૯૨ દિવસીય વિચરણ દરમ્યાન પાટોત્સવ, સમૂહપૂજા, કિશોર શિબિર, સત્સંગ શિબિર, અંગત સભા, પ્રાતઃ સભા, સંધ્યા સભા, ગ્રૂપ સભા, અગ્રેસર સભા, કાર્યકર ડે, આદર્શ પ્રૉજેક્ટ સભા, કિશોર-યુવક પિકનિક, ૨૧૫ જેટલી પધરામણીઓ તથા ૧૫૦ જેટલી અંગત બેઠકો જેવા વિવિધ પ્રોગ્રામો દ્વારા હરિભક્તો મહારાજ, મોટાપુરુષ અને સંસ્થાની અસ્મિતાથી ભર્યા થયા તથા મહિમા આકારે થયા હતા. જર્સીસિટી તથા ચેરીહિલ મંદિરના પાટોત્સવમાં હેપી ફૅમિલિ વિષય પર લાભ આપી હરિભક્તોને બળિયા કર્યા. તથા ટોરન્ટોમાં ગુરુપૂર્ણિમા ઉત્સવ તથા હિંડોળા ઉત્સવ જેવા મોટા પ્રોગ્રામમાં વિવિધ મહિમાસભર વિષયો ઉપર લાભ આપ્યો હતો. ટોરન્ટો, બોસ્ટન, જર્સીસિટી અને કૅલિફૉર્નિયા ખાતે પવિત્ર ચાતુર્માસની પારાયણનો લાભ પણ પૂ. સંતોએ આપ્યો હતો. જેમાં નિયમ, નિશ્ચય અને પક્ષ આ ત્રણ વાનાં દઢ કરવાં અંગે બળપ્રેરક કથાવાર્તાનું આયોજન થયું હતું. આમ, આ વિચરણમાં કુલ ૭૫૦૦થી વધુ હરિભક્તોએ લાભ લઈ મહારાજ અને મોટાપુરુષને રાજી કરવાના માર્ગે પગરણ માંડ્યાં હતાં.

યુ.એસ.એ. તથા કૅનેડા ખાતેનું વિચરણ પૂર્ણ કરી તા. ૮ ઑક્ટોબર, ૨૦૨૪ના રોજ પૂ. ધરમસ્વામીના મંડળે ઇન્ડિયા તરફ પ્રયાણ કર્યું. યુ.એસ.એ.ના ભાવિક ભક્તોએ ભારે હૃદયે આ સંત મંડળને વિદાય આપી હતી.

# વ્હાલા ઘનશ્યામ મહારાજ સંગે પૂ. સંતોનું ઑસ્ટ્રેલિયા-ન્યૂઝીલેન્ડ ખાતે સત્સંગ વિચરણ









વ્હાલા ગુરુજીની આજ્ઞાથી આ વર્ષે ઑસ્ટ્રેલિયા-ન્યૂઝીલૅન્ડ ખાતે પૂ. સંતોનું આ જ વર્ષમાં દ્વિતીય વખત સત્સંગ વિચરણ યોજાયું. આ વિચરણમાં વ્હાલા હરિકૃષ્ણ મહારાજ સંગે પૂ. આશીર્વાદસ્વામી તથા પૂ. સર્વોત્તમસ્વામી તથા હરિભક્તોમાં જિતેન્દ્રભાઈ પ્રજાપતિ પૂ. સંતો સાથે વિચરણમાં જોડાયા હતા. પૂ. સંતોનું અનુક્રમે સિડની, મેલબોર્ન, ઑકલૅન્ડ, બ્રિસ્બેન તથા એડીલેટ ખાતે કુલ ૪૧ દિવસનું સત્સંગ વિચરણ યોજાયું હતું. તા. ૧૨ સપ્ટેમ્બર ને ગુરુવારની સંધ્યા વેળાએ વ્હાલા હરિકૃષ્ણ મહારાજ સંગે પૂ. સંત મંડળનું સૌપ્રથમ સિડની ખાતે આગમન થયું. સિડનીના ભાવિક ભક્તોએ વ્હાલા હરિકૃષ્ણ મહારાજ તથા પૂ. સંતોના આ આગમનને પુષ્પછડી દ્વારા વધાવી લીધું હતું.

ઑસ્ટ્રેલિયા ખાતેના કુલ ૩૦ દિવસીય વિચરણ દરમ્યાન પૂ. સંતોએ ૨૧ પ્રાતઃ સભા, ૧૯ સંધ્યા સભા, ૪ સત્સંગ શિબિર, ૩ સત્સંગ પારાયણ, ૬ જાહેર સભા, ૪૭ પધરામણી, ૨ મહાપૂજા, ૩ બાળ શિબિર, ૫ જ્ઞાનગોષ્ઠિ, યુવકો સાથે પિકનિક તથા ૮૨ અંગત બેઠકનો લાભ આપી હરિભક્તોને બળિયા કર્યા હતા. આ ઉપરાંત પૂ. સંતોના સાંનિધ્યમાં શરદોત્સવ ખૂબ રંગેચંગે ઊજવાઈ ગયો. તેમજ મેલબોર્ન ખાતે થયેલ કિશોરો-યુવકોને પિકનિકમાં વિવિધ રમતો તથા જ્ઞાન સાથે ગમ્મતરૂપી વિવિધ ઍક્ટિવિટીનો અણમોલ લહાવો પ્રાપ્ત થયો હતો.

એ જ રીતે આ વખતે ન્યૂઝીલૅન્ડ ખાતે પૂ. સંતોનું કુલ ૧૧ દિવસનું વિચરણ યોજાયું હતું. જેમાં પૂ. સંતોનું ઑકલૅન્ડ ઉપરાંત ક્રાઇસ્ટ ચર્ચ તથા દંડેડીન ખાતે સૌપ્રથમ વખત સત્સંગ વિચરણ યોજાયું. અહીં પૂ. સંતોએ કુલ ૧૯થી વધુ પધરામણી તથા હરિભક્તોને પર્સનલ મુલાકાતનો લાભ આપ્યો હતો. ઉપરાંત ઑકલૅન્ડ ખાતે યોજાયેલ ત્રિ-દિનાત્મક શ્રાવણમાસ પારાયણમાં હરિભક્તો લાભ લઈ હૅપી ફૅમિલિ બનાવવાની અદ્‌ભુત રીતને શીખ્યા હતા.

અંતમાં એડીલેટ ખાતે પૂ. સંતોના સાંનિધ્યમાં ભવ્ય અન્નકૂટોત્સવનું આયોજન થયું હતું. જેમાં લગભગ ૧૮૦ જેટલા હરિભક્તોએ અન્નકૂટ દર્શનનો લાભ લીધો હતો. આ દિવસે પૂ. સંતો દ્વારા મહારાજના પ્રગટભાવ વિષય પર લાભ લઈને સૌ કોઈ મહિમા આકારે થયા હતા. આ રીતે કુલ ૪૧ દિવસનું સત્સંગ વિચરણ પૂર્ણ કરી તા. ૨૨ ઑક્ટોબર, ૨૦૨૪ના રોજ પૂ. સંત મંડળે ઇન્ડિયા તરફ પ્રયાણ કર્યું. એડીલેટના ભાવિક ભક્તોએ ભારે હૃદયે આ સંત મંડળને વિદાય આપી હતી.

# ઘનશ્યામ

અધ્યાત્મ દુનિયાની
નૂતન કેડી કંડારવા...
અધ્યાત્મના
ઉચ્ચતમ માર્ગે વિહરવા...



**વાંચો ઘનશ્યામ...**
**સાંભળો ઘનશ્યામ...**

'ઘનશ્યામ' એટલે...

- શ્રેષ્ઠ સંગ... શ્રેષ્ઠ મિત્ર... શ્રેષ્ઠ માર્ગદર્શક...
- જીવનધ્યેયનું સ્પષ્ટીકરણ આપનાર.
- શ્રીજીમહારાજના રહસ્યજ્ઞાનનો ખજાનો.
- વ્યવહારિક અને આધ્યાત્મિક પ્રશ્નોનો ઉકેલ આપનાર.
- દિવ્યજીવનના રાહ પર લઈ જતું, ચલાવતું અને દોડાવતું.

**ઘનશ્યામ MP3 Audio**
ઘનશ્યામ સામયિકના તમામ લેખો ઓડિયો સ્વરૂપે શ્રવણ કરવા મળશે.
www.smvs.org/Audio

**ઘનશ્યામ PDF**
ઘનશ્યામ સામયિક PDF સ્વરૂપે વાંચવા મળશે.
www.smvs.org/Download

**ઘનશ્યામ Jukebox**
ઘનશ્યામ સામયિકના તમામ લેખો હવે youtube પર માણવા મળશે.
www.youtube.com/smvs

**તો આવો, ઘનશ્યામ સામયિકને વાંચન અને શ્રવણ કરી આપણા આધ્યાત્મિક ક્ષેત્રને નવો આયામ આપીએ...**

ઘનશ્યામ સામયિક MP3 Audio, Jukebox તથા PDF સ્વરૂપે www.smvs.org વેબસાઇટ ઉપર દર માસે વાચકો માટે નિઃશુલ્ક ઉપલબ્ધ છે...

આપ પણ ઘનશ્યામ સામયિક વાંચવા અને સાંભળવા smvs.org વેબસાઇટની મુલાકાત લેશો અને લેવડાવશો...

## હરિકૃષ્ણ મહારાજની દિવ્ય મહાપૂજા

ગુરુદેવ પ.પૂ. બાપજીએ જેમ આ લોકનાં દુઃખ દૂર કરવા માટે ગોધરમાં અભિષેકના ઘનશ્યામ મહારાજની પ્રતિષ્ઠા કરી છે, તેમ પરલોકનાં સુખો માટે, આંતરતંત્રની શુદ્ધિ માટે, મહાપ્રભુનાં અત્યુત્તમ સુખો માણવા માટે તેમજ મહારાજ અને મોટાપુરુષને પ્રિય એવા નિષ્કામપણાને દૃઢ કરવા માટે ગુરુદેવ પ.પૂ. બાપજીએ સ્વામિનારાયણ ધામ અને મહેસાણા મંદિર ખાતે વ્હાલા હરિકૃષ્ણ મહારાજની પૂર્ણ કદની મૂર્તિઓ પધરાવી છે. આ દિવ્ય મૂર્તિની મહિમા અને શ્રદ્ધાએ સહિત મહાપૂજા કરવાથી પરલોક કહેતાં મહાપ્રભુની મૂર્તિનું સુખ પ્રાપ્ત થાય છે. આ મહાપૂજાનો લાભ લેનાર સર્વ ભક્ત સમાજ પર વ્હાલા ગુરુદેવ પ.પૂ. બાપજીએ દિવ્ય આશીર્વાદ આપ્યા છે કે, "મહાપૂજાનો નિષ્કામભાવે જે જે મુક્તો લાભ લેશે તેમના અંતરની મલિન વાસનાઓ હરિકૃષ્ણ મહારાજ દૂર કરશે તેમજ તેમને મહાપ્રભુ પોતાના વ્હાલા એવા નિર્વાસનિક ભક્ત કરશે તથા તેમને મહાપ્રભુની મૂર્તિનું અદ્વિતીય સુખ પ્રદાન કરશે."

### સર્વાવતારી શ્રી હરિકૃષ્ણ મહારાજની મહાપૂજાનો લાભ
### મહાપૂજાની સેવાના પ્રકાર

| | |
|---|---|
| એક વખત મહાપૂજા | - ૨૫૦ /- |
| દર પૂનમ (વાર્ષિક) | - ૨,૫૦૦ /- |
| દર એકાદશી (વાર્ષિક) | - ૫,૧૦૦ /- |
| દર રવિવાર (વાર્ષિક) | - ૧૧,૦૦૦ /- |
| આજીવન પૂનમ | - ૩૧,૦૦૦ /- |
| આજીવન એકાદશી | - ૫૧,૦૦૦ /- |
| આજીવન રવિવાર | - ૭૫,૦૦૦ /- |
| આજીવન દૈનિક મહાપૂજા | - ૧,૨૫,૦૦૦ /- |



**સ્થળ : સ્વામિનારાયણ ધામ, કોબા-ગાંધીનગર હાઈવે, ગાંધીનગર.**
**સ્થળ : શ્રી સ્વામિનારાયણ મંદિર, મોઢેરા રોડ, મહેસાણા.**

| | | |
|---|---|---|
| દરરોજ સવારે | : | ૦૮:૩૦ થી ૧૦:૩૦ |
| દર રવિવારે સવારે | : | ૦૮:૩૦ થી ૧૧:૩૦ |
| દર રવિવારે બપોરે | : | ૦૩:૦૦ થી ૦૬:૦૦ |


## SMVS પરિણય

**એસ.એમ.વી.એસ. સંસ્થાના દીકરા-દીકરીઓનાં નિષ્ઠા, નિયમ-ધર્મ સચવાય તેમજ તેઓના સુખી-સંપન્ન દાંપત્ય જીવન માટે એસ.એમ.વી.એસ. સંસ્થા પ્રસ્તુત કરે છે...**






SMVS PRESENTS
SMVS
Parinay

પ્લે સ્ટોર તેમજ ઍપ સ્ટોર પર નિ:શુલ્ક ઉપલબ્ધ છે.

- લગ્નગ્રંથિથી જોડાવા માટે દેશ અને વિદેશના દીકરા-દીકરીઓની પસંદગી કરવી બનશે હવે વધુ સરળ.
- એસ.એમ.વી.એસ.ના લગ્નોત્સુક દીકરા-દીકરીઓની માહિતી હવે એક જ જગ્યા પરથી મળશે.
- એસ.એમ.વી.એસ.ના સત્સંગી હરિભક્તો જ આ ઍપમાં જોડાઈ શકશે.

**ઍપની વિશેષતા**

**જેમાં આપને મળશે...**

- વ્યક્તિગત માહિતી - ફોટોગ્રાફ
- વ્યવસાયિક માહિતી
- પારિવારિક માહિતી
- પરિચિત સત્સંગીની વિગત

**ઍપના Security ફીચર્સ**

- OTP આધારિત લૉગ ઇન
- SMS દ્વારા કન્ફર્મેશન
- E-mail કન્ફર્મેશન
- કનેક્ટ ફીચર
- નોટિફિકેશન ફીચર
- એસ.એમ.વી.એસ. સંસ્થા દ્વારા પ્રમાણિત કરવામાં આવેલ દીકરા-દીકરીઓની વ્યક્તિગત પ્રોફાઇલ

તો આજે જ આપના દીકરા-દીકરીઓ માટે યોગ્ય સત્સંગી જીવનસાથી પસંદ કરવા ડાઉનલોડ કરો '**SMVS પરિણય**' ઍપ.

**ખાસ નોંધ : આ ઍપ્લિકેશનમાં જોડાવા માટેની રિક્વેસ્ટ (અરજી) કર્યા પછી રિક્વેસ્ટ કરનારને સભ્યપદ આપવાનો અંતિમ નિર્ણય વ્યવસ્થાપકોનો રહેશે.**

## મૂર્તિસુખે સુખિયા

**કારણ સત્સંગના દિવ્ય પરિવારના પરમ કૃપાપાત્ર મુક્તો કે જેઓ શ્રીહરિની ઇચ્છાથી મૂર્તિસુખે સુખિયા થયા છે. તેઓની નામાવલિ અત્રે આલેખેલ છે :**

**મૂ.નિ. સવજીભાઈ પોપટભાઈ પાનેલિયા; ઉંમર વર્ષ - ૬૨, જૂનાગઢ, તા. ૩-૯-૨૪ :** જૂનાગઢ સેન્ટરના ઘરધણી મુક્ત સવજીભાઈ પાનેલિયા મૂર્તિના સુખે સુખિયા થયા છે. તેઓ પૂ. સંતોની આજ્ઞાથી પ્રોગ્રામ સંચાલક તરીકે સેવા બજાવી પૂ. સંતોને નિશ્ચિંત કરી રાજીપો કમાયા હતા.

**મૂ.નિ. કાંતિભાઈ ઈશ્વરભાઈ પટેલ; ઉંમર વર્ષ : ૬૫, ગોતા, તા. ૧૯-૯-૨૪ :** ગોતા સેન્ટરના ઘરના હરિભક્ત કાંતિભાઈ પટેલ શ્રીજીમહારાજની મૂર્તિના સુખે સુખિયા થયા છે. સત્સંગનો યોગ થતાં જ આજ્ઞાંકિત જીવન બનાવી ગુરુદેવ તથા ગુરુજીના રાજીપાના પાત્ર બન્યા હતા. ગુરુજીના વચને તેઓએ સંસ્થાના ગોતા, પાટણ, ઊંઝા, સુરત, સેટેલાઇટ, બાયડ, હિંમતનગર ઉપરાંત ઘણા નવનિર્મિત મંદિરોના બાંધકામમાં દેખરેખની સેવાનો લાભ લઈ રાજીપો મેળવ્યો હતો. સંસ્થાના ઘણા મંદિરમાં ઘી આપવાની સેવાથી લઈ નાની-મોટી તમામ સેવાનો લાભ લઈ પૂ. સંતોને નિશ્ચિંત કર્યા હતા. 'મોટાપુરુષના જોગે શ્રીજી સુખમાં રાખે' એ ન્યાયે અંતિમ સમયે આપેલ અવધિ મુજબ મહારાજે તેમને મૂર્તિના સુખમાં રાખી લીધા હતા. મહારાજના ચરણોમાં એ જ પ્રાર્થના કે તેઓના દીકરા સુનિલભાઈ તથા ધ્રુવલભાઈ તેમજ સમસ્ત પરિવારજનોને સત્સંગનું તથા સમજણનું ખૂબ બળ આપે.



**મૂ.નિ. કશ્યપભાઈ પ્રદ્યુમનભાઈ મહારાજા; ઉંમર વર્ષ : ૭૫, સેટેલાઇટ, તા. ૪-૧૦-૨૪ :** ગુરુદેવ તથા ગુરુજીના કૃપાપાત્ર ઘરધણી મુક્ત કશ્યપભાઈ મહારાજા મૂર્તિના સુખે સુખિયા થયા છે. તેઓશ્રીના પિતા પ્રદ્યુમનભાઈએ આપેલા નિયમ મુજબ તેઓ જૂના મંદિરે નિત્ય દર્શન અર્થે જતા. જ્યાં ગુરુદેવ સંગે મેળાપ થયા બાદ નિત્ય પ્રત્યે ગુરુદેવ પાસે સમાગમ કરી, અનન્ય નિષ્ઠા દૃઢ કરી હતી. તેઓ ખરા સમયે નાની-મોટી સેવા કરી ગુરુદેવ તથા ગુરુજીનો અંતરનો રાજીપો કમાયા હતા. મહારાજ, બાપા, ગુરુદેવ અને ગુરુજીના ચરણોમાં એ જ પ્રાર્થના કે તેઓના દીકરા મંદારભાઈ તથા સમસ્ત પરિવાર સમજણનું બળ રાખી સત્સંગનો વારસો જાળવી રાખે.



**મૂ.નિ. કાનજીભાઈ વેલદાસભાઈ પટેલ; ઉંમર વર્ષ : ૮૭, ખારાઘોડા, તા. ૧૭-૧૦-૨૪ :** નરોડા સેન્ટરના ઘરધણી મુક્ત તથા ફૂડસ્ટોલમાં સેવા બજાવતા જયકિશોરભાઈના પિતાશ્રી મૂર્તિસુખે સુખિયા થયા છે. તેઓના ભાઈ પ્રવીણભાઈ તથા દિનેશભાઈ સહિત સમસ્ત પરિવાર સંસ્થાને સમર્પિત થઈ રાજીપો કમાઈ રહ્યા છે.

**મૂ.નિ. નીલ શૈલેષભાઈ પટેલ; ઉંમર વર્ષ : ૨૫, ચેરીહિલ (U.S.A), તા. ૨૫-૧૦-૨૪ :** ચેરીહિલ (ન્યૂજર્સી) સેન્ટરના ઘરધણી મુક્ત શૈલેષભાઈ પટેલના મુક્તરાજ નીલ મહારાજ નાની વયે મૂર્તિના સુખે સુખિયા થયા છે. તેઓનો સમસ્ત પરિવાર ગુરુજીની આજ્ઞાથી સમર્પિત થઈ ચેરીહિલ મંદિર સંભાળવાની સેવાનો લાભ લઈ પૂ. સંતોની ગરજ સારી રાજીપો કમાઈ રહ્યા છે. નીલ મહારાજ કિશોર મંડળમાં ખૂબ ખંતથી સેવા બજાવી રહ્યા હતા. અંતિમ સમયે વ્હાલા ગુરુજીએ નીલ મહારાજની નનામી પોતાના ખભે ઉપાડી રાજીપો આપ્યો હતો. મહાપ્રભુના ચરણે એ જ પ્રાર્થના કે સમગ્ર પરિવારજનોને સત્સંગનું તથા સમજણનું ખૂબ ખૂબ બળ આપે.



**મૂ.નિ. જયેન્દ્રભાઈ નાથાભાઈ પોપટ; ઉંમર વર્ષ - ૭૫, રાજકોટ, તા. ૧૨-૯-૨૪**

**મૂ.નિ. અશોકભાઈ હીરાભાઈ લીંબાચિયા; ઉંમર વર્ષ - ૮૫, ભરૂચ, તા. ૧૫-૯-૨૪**

**મૂ.નિ. લાલજીભાઈ પોપટભાઈ જાકાસણિયા; ઉંમર વર્ષ - ૭૭, મેથાણ, તા. ૨૨-૯-૨૪**

**મૂ.નિ. રમેશભાઈ ડાહ્યાભાઈ મિસ્ત્રી; ઉંમર વર્ષ - ૬૯, ભરૂચ, તા. ૨૩-૯-૨૪**

**મૂ.નિ. મનસુખભાઈ કલ્યાણજીભાઈ કાનાબાર; ઉંમર વર્ષ - ૭૬, જૂનાગઢ, તા. ૨૫-૯-૨૪**

**મૂ.નિ. રમણીકભાઈ પરષોત્તમભાઈ બકરાણિયા; ઉંમર વર્ષ - ૮૪, રાજકોટ, તા. ૩૦-૯-૨૪**

**મૂ.નિ. ઘનશ્યામભાઈ ચંપકલાલ સોની; ઉંમર વર્ષ - ૭૯, વાસણા, તા. ૮-૧૦-૨૪**

**મૂ.નિ. જશરાજભાઈ માવજીભાઈ પાંચોટિયા; ઉંમર વર્ષ - ૭૬, મોટા અંકેવાળિયા, તા. ૧૦-૧૦-૨૪**

**મૂ.નિ. મફતભાઈ હરગોવનદાસ પટેલ; ઉંમર વર્ષ - ૮૦, ઘાટલોડિયા, તા. ૨૪-૧૦-૨૪**

**મૂ.નિ. જયશ્રીબેન રમેશભાઈ રૂડકિયા; ઉંમર વર્ષ - ૫૦, રાજકોટ, તા. ૪-૯-૨૪**

**મૂ.નિ. કમળાબેન નાગરભાઈ પાંચોટિયા; ઉંમર વર્ષ - ૭૫, મોટા અંકેવાળિયા, તા. ૧૦-૯-૨૪**

**મૂ.નિ. વસુબેન પિનાકિનભાઈ વૈદ્ય; ઉંમર વર્ષ - ૯૧, વડોદરા, તા. ૧૨-૯-૨૪**

**મૂ.નિ. લીલાબેન કાંતિભાઈ મેણાત; ઉંમર વર્ષ - ૬૨, સેક્ટર-૬, તા. ૨૪-૯-૨૪**


**મૂ.નિ. નર્મદાબેન જયદેવલાલ બ્રહ્મભટ્ટ; ઉંમર વર્ષ - ૮૬, પુંધરા, તા. ૨૩-૯-૨૪**

**મૂ.નિ. જશબેન કેશવભાઈ મિસ્ત્રી; ઉંમર વર્ષ - ૮૫, ભરૂચ, તા. ૨૮-૯-૨૪**

**આ મુક્તોએ ઘરધણી થઈ તન, મન અને ધનથી સંસ્થાને વફાદાર રહીને મમત્વભાવે સેવાઓ કરી છે અને ગુરુદેવ પ.પૂ. બાપજી તથા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીનો રાજીપો મેળવેલ છે. શ્રીજીમહારાજ, ગુરુદેવ પ.પૂ. બાપજી તથા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીના ચરણોમાં પ્રાર્થના કે તેમના ચૈતન્યને મૂર્તિના અવિચળ સુખભોક્તા કરે.**


## दिल की बीमारीओ का पेकेज नहीं

# तंदूरस्ती का पेकेज लो.



**कार्डियाक हैल्थ पैकेज**
सिर्फ ~~(4700/-)~~
**1199/-** 54 टेस्ट

**एंजियोग्राफी**
सिर्फ
**3,999/-**



**एंजियोप्लास्टी**
सिर्फ
**49,999/-** (स्टेंट अलग से)

**बाईपास सर्जरी**
सिर्फ
**1,99,999/**



**डॉ. भूपेश डी. शाह**
Cardiovascular
& Thoracic Surgeon



**डॉ. तुषार शर्मा**
Cardiovascular
& Thoracic Surgeon

## हार्टकेर सेंटर की विशेषताएं

- सबसे उन्नत सीलिंग माउंटेड कैथलैब
- IFR और FFR सुविधा के साथ
- सबसे अनुभवी और विशेषज्ञ हृदय रोग विशेषज्ञों की टीम
- सारा इलाज एक ही जगह
- हृदय विभाग 24X7 कार्यरत

SMVS SWAMINARAYAN HOSPITAL
A Humanitarian Hospital

SMVS સ્વામિનારાયણ હોસ્પિટલ
SMVS સ્વામિનારાયણ હોસ્પિટલ રોડ, સ્વામિનારાયણ ધામની બાજુમાં,
કોબા -ગાંધીનગર હાઇવે, ગાંધીનગર - 382 007.
વધુ માહિતી માટે કોલ કરો : 63 59 77 07 25
info@smvshospital.com
Follow us :

Emergency Help Line : 73 73 73 39 04 / 05 I www.smvshospital.com


















**સંસ્થાના વિવિધ સેન્ટરોમાં દર્શન-આશીર્વાદનો લાભ આપતા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી**
(૧-૩) દિવ્ય ઝોનલ સત્સંગ વિચરણ (મહેસાણા) (૪-૬) દિવ્ય ઝોનલ સત્સંગ વિચરણ (સુરત)
(૭-૮) SMVS હૉસ્પિટલમાં દર્દીઓને દર્શન-આશીર્વાદ




**સંસ્થાના વિવિધ સેન્ટરોમાં દર્શન-આશીર્વાદનો લાભ આપતા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી**
**(૧–૪) પૂના, નવી મુંબઈ, કાંદિવલી (૫–૮) દિવ્ય ઝોનલ સત્સંગ વિચરણ (અમદાવાદ : પૂર્વ)**

Ghanshyam, November-2024. Published on 10-11-2024. Post at SRO Gandhinagar. 10th to 13th on Every Month. Licenced to Post without prepayment No. PMG/NG/060/2024-26, Valid up to 31-12-2026. Regd No. G-GNR-315/ 2024-26, Extended up to 31-12-2026. RNI No. 33267/78.

Printed Sadhu Purnaswarupdas, Published by Sadhu Bhaktvatsaldas on Swaminarayan Mandir Vasna Sanstha (SMVS) and at Vibrant Image Basement, Hi-Tech Complex, Paldi, Ahmedabad 380007 and Published at Swaminarayan Dham, Koba-Gandhinagar Highway, Gandhinagar-7. Editor-Narendrabhai R. Trivedi.

























**સંસ્થાના વિવિધ સેન્ટરોમાં દર્શન-આશીર્વાદનો લાભ આપતા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી**

(૧-૨) દિવ્ય સાંનિધ્ય શિબિર (૩) શાપુર (રાજકોટ) (૪) સેટેલાઇટ (૫-૮) દિવ્ય ઝોનલ સત્સંગ વિચરણ (અમદાવાદ : પશ્ચિમ)